

# અધ્યાત્મ

વર્ષ : ૧૫

ઓક્ટોબર–૧૯૯૩

અંક : ૧

# * પરમાત્માનો અનુભવ કરતાં શીખો *

'સર્વં ખલુ ઇદમ્ બ્રહ્મ' એ વાક્યમાં સંસાર અને તેના સ્વામી પરમાત્મા વચ્ચેના સંબંધનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સંસારમાં જે કાંઇ દેખાય છે, ને અનુભવાય છે, તે બધું પરમાત્મામય છે, પરમાત્માનું જ સ્વરૂપ છે, એવો એ મહાવાક્યનો અર્થ થાય છે. પરમાત્મા પરમ જ્ઞાનમય છે એમ કહેનારું એક બીજું મહાવાક્ય આપણે ત્યાં પ્રસિદ્ધ છે ને તે પ્રજ્ઞાનં બ્રહ્મ કહેવાય છે. આ મહાવાક્યોની વાત જવા દઇએ તો પણ, ગીતામાં આને મળતાં કેટલાંય મહાવાક્યો છે. તે બધાં જ જ્ઞાનના ભંડાર કે ભવ્ય વારસારૂપ છે. વરસોના ચિંતન, મનન ને અનુભવના પરિણામે એ મહાવાક્યો શોધાયાં, લખાયાં કે રચાયાં છે. તેમના રહસ્યને કેવળ બુદ્ધિ કે વિચારદ્વારા સમજી નહિ શકાય. તેને સમજવા માટે તો અનુભવની દુનિયામાં ઉતરવું પડશે. અનુભવ વિના તેમનો મર્મ ભાગ્યે જ જાણી શકાશે. આપણે ત્યાં કેટલાકે વિદ્વાનો ને સંતો છે, જે આ મહાવાક્યોનું મનન કર્યા કરે છે. તેમનું સતત ચિંતન કરે છે. ચિંતન ને મનન કરવાનો નિયમ તેમણે કરી લીધો હોય છે. મનનથી મદદ મળે છે. પણ છેવટના સમાધાન ને છેવટની શાંતિને માટે અનુભવ કરતાં પણ શીખવું જોઇએ. જ્ઞાનનો સાચો આનંદ ત્યારે જ મળી શકે. એટલે મહાવાક્યોના શ્રવણ ને મનનથી સંતોષ માની લેવાને બદલે પરમાત્માનો સાક્ષાત્કાર કરવા તૈયાર થવું જોઇએ. કલ્યાણની કામનાવાળા સાધકે આટલી સુચના યાદ રાખવા જેવી છે.

**યોગેશ્વરજી**

સૌનેય છે જવાનું અંતે અલગ થવાનું,
ના કિન્તુ પ્રેમને કો સ્વાહા કરી જવાનું.



**મહાત્મા શ્રી યોગેશ્વરજી અને એમનાં પૂ. માતાજી જ્યોતિર્મયી**
નિર્વાણ : ૪–૧૦–૮૦ ભાવનગર

## * માતૃ–વંદના *

જય જય જય જ્યોતિર્મયી માતા
વંદુ માત ભવાની......

લાડકવાયા પુત્રરત્નને પ્રભુપંથે પધરાવ્યા,
ત્યાગ તમારો ધન્ય ગણીને દેવો પણ હરખાયા.
જય જય....

દેવપ્રયાગે પ્રભુની સાથે છાયા બની વિરાજ્યાં,
કષ્ટ સહ્યાં એકાંત પ્રદેશે શ્રદ્ધા દીપ પ્રગટાવ્યા.
જય જય....

વ્રત ઉપવાસ પ્રભુના આપે સમજણ થકી વધાવ્યા,
પ્રત્યક્ષ માતૃદેવ ગણીને પ્રભુએ પણ અપનાવ્યાં.
જય જય....

પુત્રરત્નને પ્રભુરૂપ માની પરમશાંતિ તમે પામ્યાં,
જીવનનું કલ્યાણ કરીને ભવનાં બંધન ટાળ્યાં.
જય જય....

સેવાનું સદ્‌ભાગ્ય ધરીને સર્વેશ્વરીને સ્વીકાર્યાં,
અંતે કૃપા ઘણી વરસાવી આશિષ દઈ સિધાવ્યાં.
જય જય....

મનહર મંગલ માતૃઅંકમાં બાળસ્વરૂપે પધારી,
યોગેશ્વરપ્રભુ દર્શન દેજો વિનંતિ લેજો વધાવી.
જય જય....

કૃપાતણી વર્ષા વરસાવો પરધામથી પ્રીતિ,
સર્વેશ્વરીનો સાદ સુણી લો યોગની અવનવી રીતે.
જય જય....

— મા સર્વેશ્વરી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ. (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સા. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| પંદરમા વર્ષના પ્રારંભે | તંત્રી | ૧૨ |
| અમૃતપળોનો આસ્વાદ–૯ | ગોરધનભાઇ કલોલા (કલ્યાણ) | ૧૩ |
| ગીતગાયક–લોકનાયક ભગવાન શ્રીકૃષ્ણ | મહેન્દ્રભાઈ ઇ. પંડયા | ૨૭ |
| બ્રહ્મચૈતન્ય | કમલ સુથાર | ૩૩ |
| દેનાર નથી દૂબળો | જિતેન્દ્ર પંડયા | ૩૫ |
| અંતરની આંખ | દુર્લભજી ભક્ત (સ્યાદલા) | ૩૬ |
| શુભ–અશુભ ચિંતન | રતિલાલ ભાવસાર | ૩૭ |
| મંત્રજાપ લેખન | તંત્રી | ૩૮ |
| શ્રી શ્રી મા આનંદમયી | ઝિંઝુવાડીયા કનૈયાલાલ | ૪૦ |
| પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના ૫૧ મા વર્ષ નિમિત્તે કાર્યક્રમ | તંત્રી | ૪૬ |
| પત્ર–પ્રસાદી | પરમાર્થી | ૪૭ |
| પૂ. શ્રી યોગેશ્વરજીને પ્રેમાંજલિ ! | શ્રી સુરેશભાઇ શાહ | ૫૨ |
| કપૂરાના અખિલ પ્રાર્થના મંદિરનો ઉદ્‌ઘાટન સમારંભ | ગોરધનભાઇ કલોલા | ૫૪ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |


## * અભિનંદનનાં અધિકારી *

અધ્યાત્મનું એ સદ્‌ભાગ્ય રહ્યું છે કે પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમ જ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રેરણા અને હૂંફને લીધે, આજના સતત વધતા રહેતા ભાવોની વચ્ચે પૂ. ગુરુદેવની ભાવના પ્રમાણે સસ્તા દરે એનું પ્રકાશન થતું રહે છે. પૂ. ગુરુદેવની એ ભાવના પૂર્ણ કરવામાં અમેરિકાના સાધક ભાઇબહેનોએ સારો એવો આર્થિક ટેકો આપ્યો છે. તે મુજબ અધ્યાત્મના ઓક્ટોબર '૯૩ ના અંકનો ખર્ચ પણ તેઓ તરફથી મળી રહ્યો છે. તેઓ સહુ તે બદલ અભિનંદનનાં અધિકારી છે. તેઓનું સર્વ પ્રકારે શુભ થાઓ એ પ્રભુને પ્રાર્થના

તંત્રી, અધ્યાત્મ

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૫ ઓક્ટોબર—૧૯૯૩ અંક : ૧

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

તા. ૨૭-૨-૮૧, શુક્રવાર, મહા વદ આઠમ,
૨૦૩૭, સ્થળ : રાજકોટ.

દરરોજની જેમ રાત્રે ૨—૩૦ આજે પણ પૂ. શ્રી ઉઠી ગયા છે. હાથમાં માળા લઈને બેસતાં પહેલાં સર્વેશ્વરીને પણ ઉઠાડે છે. પૂ. શ્રી માળા કરે છે. સર્વેશ્વરી રામાયણનો પાઠ કરે છે. તે અગાઉ રાત્રે ફરી પોણાચારથી ધ્યાનમાં બંને બેસે છે.

સવારે પૂ. શ્રી ઉઠીને સ્નાન કરે તે પહેલાં દાઢી વગેરે કરી બ્રશ કરી લે છે. કોઈકવાર મંજનનો પણ ઉપયોગ કરે છે. ફોરહેન્સની પેસ્ટ પૂ. શ્રીને ગમે છે, જેથી તે પેસ્ટથી જ તેઓ બ્રશ કરે છે. સ્નાન બાદ નિયમિત વ્યાયામ, નિયમિત ગીતાપાઠ, ત્યારબાદ દૂધ લે છે. દૂધ સાથે જીવન, મકરધ્વજવટી લે છે. ત્યારબાદ



લેખન શરૂ થાય છે. લેખન રેડિયોટોકનું થાય છે. સાડા દસ પછી થોડો આરામ કરી પોતાની ત્રીસ માળા બાકી છે તે આંટા મારતા પૂર્ણ કરે છે. બરાબર સાડા અગિયારે પૂ. શ્રી બહાર ખુરશી ઉપર બેઠા છે. શ્રી પુરુષોત્તમદાસ ગાંધી આવે છે. એમને 'બારણાં ઉઘાડીને અંદર આવી શકું ના'—એ પૂ. શ્રીની કૃતિ જોઈએ છે. જે માંગણીના અનુસંધાનમાં પૂ. શ્રી પોતાના કાવ્યોના કાગળો મંગાવે છે. એમાંથી માતાજી ઉપરનાં બે કાવ્યો પૂ. શ્રી સંભળાવે છે. ત્યારબાદ તે ગીત શોધીને શ્રી પુરુષોત્તમભાઈને આપે છે. બીજી એક કૃતિ પૂ. શ્રી સંભળાવે છે. વળી માતાજી ઉપરનું એક 'મંદિર' કૃતિ વળી ખૂબ રસથી સંભળાવે છે. પંદર—વીસ પ્રેક્ષકો બેઠા છે. 'સૌને જવાનું નિશ્ચિત' એ કૃતિ પણ સંભળાવે છે.

આજે તો પૂ. શ્રી પોતાની કૃતિઓ જ સંભળાવ્યા કરે છે. સૌ મૂક બનીને સાંભળે છે. બે—ત્રણ જે રસિયા છે તે ખૂબ રસથી સાંભળે છે. ત્યારબાદ પૂ. શ્રીએ કોઈને કંઈ પૂછવું હોય તો પૂછજો કહ્યું, અને પ્રશ્નોત્તર શરૂ થશે એમ લાગ્યું. પણ વળી પૂ. શ્રીએ એ નીચે મૂકેલા કાગળો ફરી લીધા ને એક કૃતિ ફરી સંભળાવે છે. વળી એક કૃતિ 'વધુ પડતું તમને શું લાગ્યું?'—સંભળાવે છે. 'અહંકારને ઓગાળી દો'ની એક કૃતિ સંભળાવે છે.

ત્યારબાદ રામાયણની વાતો શરૂ થાય છે. પૂ. શ્રીનાં પોતાનાં પુસ્તકો—રામકથામૃત, રામાયણ દર્શન, સમર્પણની વાતો થાય છે. વળી તુલસીકૃત રામાયણનો ક્ષેપક વિનાનો કથાભાગ ગુજરાતી કવિતામાં ઉતારવાની ઇચ્છાની વાત ફરી કરે છે.

સમય થતાં સૌ પ્રસાદ લઈ વિદાય થાય છે. આજની મુલાકાતમાં જાણે કાવ્યવાંચનનો જ કાર્યક્રમ હોય એવું અનાયાસે થયું.

મુલાકાત પૂરી થતાં પૂ. શ્રી ભોજન લઇ લે છે. ભોજનમાં આજે પૂ. શ્રી દૂધ ને રોટલો જ લે છે. બાજરાનો રોટલો ને સાથે ઠંડુ દૂધ લે છે. શાક, કઢી, માખણ, ઘી, કશું જ નહીં.

ભોજનબાદ શ્રી ઉમિયાશંકરભાઇ અને શાંતિભાઇ સાથે થોડી વાતો થાય છે, ત્યારબાદ આરામ, આરામમાં પૂ. શ્રી પોતાની પથારીમાં માળા સુતાં સુતાં ફેરવે છે. આરામ બાદ શેરડીના નાના નાના ટૂકડા નાનકડો સાધક અજય (મોરબીના શ્રી કલ્યાણનો પુત્ર) લાવ્યો છે તે પૂ. શ્રી લે છે.

ત્યારબાદ રાજકોટ પછી ક્યાં અને ક્યારે જવું તે અંગે પરમશક્તિને પૂછે છે. પૂ. શ્રીને એ માટે સર્વેશ્વરી તારીખ–વાર–વરસવાળી એક ખાસ ડાયરી આપે છે. જેમાં પૂ. શ્રી પરમશક્તિની આજ્ઞા ઉતારે છે.

પૂ. શ્રીની ઇચ્છા સોમનાથ–જૂનાગઢ જવાની અથવા તારીખ બીજીએ મોરબી જવાની છે. રાજકોટના શ્રી ઉમિયાશંકરભાઇ કે જેમને ત્યાં પૂ. શ્રી ઉતરતા હતા તે ભાઇની ઇચ્છા પૂ. શ્રીને તા. ૪ સુધી અહીં જ રાજકોટમાં રાખવાની છે. એટલે બપોરે તે ભાઇના આમંત્રણ સામે પૂ. શ્રી કહે છે કે "જગદંબાને પૂછીશું." એટલે સાંજે ૫–૧૦ મિનિટે પૂ. શ્રી ડાયરી લઇને બેસે છે.

'સોમનાથ જૂનાગઢ જવાનું નથી. રાજકોટ રોકાવાની કે ઉમિયાશંકરભાઇને ત્યાં જવાનું નથી. મોરબી જઇશું' આ આજ્ઞા પૂ. શ્રી દર વખતની જેમ શિરોમાન્ય કરે છે. પ્રવચનમાં જતાં પહેલાં નારદભક્તિસૂત્ર પૂ. શ્રી સમજાવે છે. પ્રવચનનો આજનો વિષય ધ્યાન ઉપર હતો.

આજે પૂ. શ્રી આગ્રહ કરીને લોહચૂંબકીય સારવાર માટે



સર્વેશ્વરીને છ વાગ્યે રાષ્ટ્રીયશાળાના આરોગ્યકેન્દ્રમાં મોકલે છે.

પ્રવચન બાદ, અલ્પાહાર બાદ, આરામ. હરિઃ ૐ

**તા. ૨૮–૨–૮૧, શનિવાર, મહા વદ નોમ,**

**૨૦૩૭, સ્થળ : રાજકોટ.**

સવારે સ્નાન પહેલાં પૂ. શ્રી રાત્રે ૧ થી ૩ જપ કરી લે છે. સર્વેશ્વરીર ૨–૩૦ થી ૪–૩૦ રામાયણ પાઠ કરે છે. સ્નાન બાદ, વ્યાયામ બાદ સર્વેશ્વરી રાજકોટથી નવ–દસ કિલોમીટર દૂર કસ્તૂરબાધામ જવા નીકળે છે. સાથે શ્રીશાંતિભાઇ, બાબુભાઇ, પુરુષોત્તમભાઇ, વિજય (શાંતિભાઇનો પુત્ર) ચારુબેન, મીના પણ છે.

પૂ. કસ્તુરબા ૧૯૩૯ માં અહીં નજરકેદ તરીકે રહેલાં. ત્યાર-બાદ ત્યાં શાળા, છાત્રાલય થયાં છે. ત્યાં શ્રી આભાબેન ગાંધી સંચાલન કરે છે. તેમને તથા શાળાનાં બાળકોને મળવાનું બન્યું. પ્રાર્થના સંભળાય છે–એ વાતો કરવાનું બન્યું, બરાબર સાડા અગિયારે ફરી રાજકોટ આવી જવાનું બને છે. રસ્તામાં શ્રી પુરુષોત્તમભાઇ સાથે જેલજીવનની વાતો થઇ. ઘણું ઘણું જાણવા-નું મળ્યું.

ઉતારા પર આવ્યાં ત્યારે ઉપર સોફા ઉપર પૂ. શ્રી બેઠા છે. પાસે એક ખુરશી મૂકી છે. જેના ઉપર એક સુંદર ચાદર પાથરી છે, પૂ. શ્રીને પ્રણામ કરી સર્વેશ્વરી તે ખુરશી ઉપર બેસે છે. પ્રશ્નો-ત્તરીમાં વીસ–પચીસ ભાઇબેનો બેઠાં છે. પ્રશ્નોત્તરી શરૂ થાય છેઃ–

✓ **પ્રશ્ન :** અર્ધી રાતે બહાર નીકળતાં ડર લગે છે. શ્રદ્ધા હોય તોપણ કેમ એવું થાય?

**પૂ. શ્રી :** શ્રદ્ધાનો અભાવ. પ્રભુમાં એટલી શ્રદ્ધા ઓછી

ગણાય. વળી વ્યવહારિક રીતે વિચારીએ તો પ્રભુને ખોટી રીતે તકલીફ આપવા કરતાં સવારે જ જઈએ. સુરક્ષાનો વિચાર કરી રાત્રે ન નીકળીએ.

**પ્રશ્ન :** ધ્યાન કરતાં કરતાં નામસ્મરણ પણ બંધ થવું જોઈએ પણ થતું નથી.

**પૂ. શ્રી :** જુઓ, એક માણસને રોજ વિચાર આવે કે આ ઝાડ ઉપરનાં બધાં પાંદડા નીચે પડી જાય તો સારું. પણ પડે જ નહીં. ઉપર ચડીને પાડું એમ વિચારે પણ ફ્રેક્ચર થાય તો? એટલે રહેવા દે છે. એ ઝાડ ઉપરનાં પાંદડાં એક દિવસ આપોઆપ ખરી જાય છે. ક્યારે? પાનખર ઋતુ આવે ત્યારે. તેમ વખત જતાં યોગ્ય સમયે નામરૂપી પાંદડાં ખરી જશે.

**પ્રશ્ન :** મારા બેનને સ્વપ્ન આવ્યા કરે છે : "તારા બ્લોકમાં મારી મૂર્તિ છે. તે કાઢ ને વિધિસર સ્થાપના કર." તો શું કરવું?

**પૂ. શ્રી :** કાઢો. ખોદીને. કોઈકવાર દેવદેવીઓ—એ રીતે હોય તો, અરે તેમને એ રીતે બહાર નીકળવું હોય તો, તેઓ એ રીતે સ્વપ્નથી સૂચન આપે છે. જુઓ. ભાવનગરમાં એક કુટુંબ રહે. તેને ત્યાં એકને સ્વપ્ન આવ્યું. "તારે ત્યાં વ્યાપારમાં બરાબર કામ નથી થતું તો સરોડામાં મારું સ્થાન છે. તે બ્રહ્માણીદેવી જે તારી કુળદેવી છે, તેની પૂજા કર. ધોળકા જશો એટલે ખબર પડશે." બે વાર સ્વપ્નદર્શન થયું. એટલે એ ભાઈ ધોળકા આવ્યા. સરોડા શોધ્યું. બ્રહ્માણીની ટેકરી ઉપર મંદિર જોયું. પૂજા કરી ને પૂજાની વ્યવસ્થા કરી.

દેવોનો આદેશ છે તેથી તમે પણ ખોદાવો દેવ–દેવીની મૂર્તિની પછી વિધિસર પૂજા કરો. દેવ–દેવી–સંતોની વિધિસર જ



પૂજા કરો. જેથી તેઓ પ્રસન્ન બની આશીર્વાદ વરસાવે છે.

આ ઉત્તર પૂરો થાય છે ત્યાં જ એક સફેદ સાડીવાળાં બેન પ્રવેશે છે. પૂ. શ્રીને વિનંતિ કરે છે. જલારામ મંદિરમાં ગીતા-વિદ્યાલયનાં એ શિક્ષિકા બેન છે. ગીતાવિદ્યાલયમાં પૂ. શ્રીને પધારવા આમંત્રણ આપે છે. પૂ. શ્રી બાળકોને જ અહીં લાવવાની વાત કરે છે.

સમય થતાં સૌ વિદાય થાય છે. પૂ. શ્રી ભોજન લઈ આરામ કરે છે, આજે સવારે સર્વેશ્વરી કસ્તુરબા ધામના દર્શન બાદ સાંજે ત્યાંના સંચાલક શ્રીકનુભાઈ પાસે બાપુની વાતો સાંભળવા ૫ થી ૬ જાય છે. પ્રવચન બાદ પંચનાથ મહાદેવની મુલાકાત લીધી. ત્યાંના પૂજારી શ્રી શાન્તુભાઈને પૂ. શ્રી માતાજીની માંદગી, સ્વર્ગ-વાસની વિગતવાર વાતો કરે છે. વળી સર્વેશ્વરીનો પરિચય પણ આપે છે. શાન્તુભાઈ ખૂબ પ્રેમથી નમ્રભાવે એ સ્વીકારીને ગૌરવભરી દૃષ્ટિએ સર્વેશ્વરીને જુએ છે.

સાંજના ભોજન બાદ આરામ. હરિઃ ૐ

**તા. ૧–૩–૮૧, રવિવાર, મહા વદ દશમ,**
**૨૦૩૭, સ્થળ : રાજકોટ.**

આજે પૂ. શ્રી બે સરસ ગીતો લખે છે. જેમાં સૃષ્ટિ ઉપર "ભગવાન માનવરૂપે આવે છે. વિરલા જ ઓળખે છે." એ વિષય હતો.

સાડા અગિયારે પૂ. શ્રી બહાર બેઠા છે. ગઈકાલે બેઠક સુંદર સોફા ઉપર ગોઠવેલી પરંતુ આજે પૂ. શ્રીએ એ બેઠક કઢાવી નાંખી. ખુરશી ઉપર પૂ. શ્રીની બેઠક અને નીચે આસન સર્વેશ્વરી માટે મૂકાવ્યું.

આજે ગીતાવિદ્યાલયનાં બાળકોને તે બેન લઈને આવે છે. બાળકો પાસે પૂ. શ્રી પાંચ શ્લોકો બોલવાનું કહે છે. બાળકો ખૂબ સારી રીતે પણ ખૂબ મોટા અવાજે બોલે છે જેથી પૂ. શ્રી સૂચન કરે છે : જેટલી શક્તિ હોય તે બધી જ શક્તિથી બરાડા ન પાડવા. ધીમેથી બોલવું તો મધુર લાગે છે.

ત્યારબાદ પ્રશ્નોત્તર શરૂ થાય છેઃ–

પ્રશ્ન : સંસ્કૃતિ આપણી જૂની છે, છતાં આપણે કેમ પાછળ છીએ?

પૂ. શ્રી : અમારી શાળા ખૂબ સારી ગણાતી. ખૂબ નિષ્ણાત શિક્ષકો હતા, પણ વિદ્યાર્થીઓ સારા ન હતા. તો પછી શું થાય? દવા સારી છે, ડોક્ટર સારા છે, પણ દર્દી દવા નથી લેતા પછી શું થાય?

સંસ્કૃતિની વાતો સારી છે. સંતો પણ સારા આચરણ કરનારા ક્યાં છે? આજે ધર્મને નામે દેખાવો જ વધ્યા છે. ધર્મમાં આચરણ નથી. ધર્મ ફંડફાળા, સ્વાર્થ, ટીકા માટે થયો તો સામૂહિક ચરિત્ર આપણામાં નથી. વ્યક્તિગત ખણખોદ આપણી મોટામાં મોટી ખામી છે.

પ્રશ્ન : ભક્તિ કરવા બેસીએ ત્યારે વિચારો જ આવ્યા કરે.

પૂ. શ્રી : આવે જ ને. મનનો સ્વભાવ છે. જન્મોજનમથી એ વિચારોની ટેવ છે. સત્સંગ કરો જેથી વિચારો ઓછા થઈ જાય.

ભારતના રાજકારણમાં ઈશ્વરીય ઈચ્છાની વાતોના પ્રશ્નો થયા. તો તેના ઉત્તરોમાં પૂ. શ્રી વિસ્તૃત ચર્ચા કરે છે. ને ત્યાં જ સમય થવા આવ્યો. પ્રસાદ વિતરણ બાદ સૌ છૂટા પડે છે. પૂ. શ્રી ભોજન બાદ આરામ કરે છે.



આજે સાંજે સર્વેશ્વરી શ્રી આભાબેન ગાંધી પાસે ફરી જાય છે. તેમની પાસે બાપુના, બાના જીવનની વાતો શ્રી ભોજાણી, શ્રી ચારુબેન–મીના સાથે સાંભળવા મળે છે. પ્રશ્નોત્તરી સુંદર રહી.

આજકાલ સર્વેશ્વરી પોતાના જમણા હાથ ઉપર લોહચુંબકીય સારવાર લે છે, જે રાષ્ટ્રીય શાળામાં લેવાય છે. જેથી આભાબેન સાથેની મુલાકાત બાદ એ સારવાર લઈ રાષ્ટ્રીય શાળાના હોલમાં પ્રવચનનો સમય થતાં આવી જાય છે.

આજે શ્રી પુરુષોત્તમભાઈ ભજન ગાય છે. આજે પ્રવચનમાં નીલકંઠ મહાદેવના સફાઈદારની, છાત્રાલયની ચિંતા કરતા એક ભાઈની, પોતાને અનિવાર્ય સમજતા એક ભાઈની વાતો થાય છે.

પૂ. શ્રી પાસે જ અલગ આસન ઉપર સર્વેશ્વરી બેસે છે. આજે પ્રવચનની પૂર્ણાહુતિ હતી. એ પ્રસંગ મુજબ પૂ. શ્રીને સૌ ભાવભરી આભાર દર્શાવતી અંજલિ આપે એ વાત સમજી શકાય છે. પણ સર્વેશ્વરીનાં ભજનો અંતરમાં પ્રવાહિત થયાં છે. અને શ્રીયોગેશ્વરજી અને સર્વેશ્વરી બંને સંતો જ છે. એમની સાધના ગુરુની કડક છત્રછાયા હેઠળ ચાલી રહી છે. બંનેના આશીર્વાદ આપણા ઉપર વરસતા રહો. આવી અંજલિ રાષ્ટ્રીય શાળાના વ્યવસ્થાપક ભાઈ શ્રી પુરુષોત્તમભાઈ ગાંધીએ આપી.

પૂ. શ્રીને સર્વેશ્વરીને અપાયેલી અંજલિથી આનંદ થયો. પ્રવચન બાદ ઉતારા પર આવી ગયા. આરામ. હરિઃ ૐ

( ક્રમશઃ )

# પંદરમા વર્ષના પ્રારંભે

"અધ્યાત્મ માસિક" તેના પ્રકાશનનાં ચૌદ વર્ષ પૂરાં કરી પંદરમા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. તે પ્રસંગે જે જે સાધક ભાઈ-બહેનોએ તેના પ્રકાશન અને ફેલાવામાં સીધી કે આડકતરી સહાય કરી છે, તે સહુનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

કેનેડા, અમેરિકા તેમ જ બીજા વિદેશોના મા–પ્રભુના પ્રેમી ભક્તોએ જે સારી એવી આર્થિક સહાય પહોંચાડી છે તે વિશેષ ઉલ્લેખનીય એટલા માટે છે કે તે વિના આટલી મોંઘવારીમાં તેર વર્ષ પહેલાંના રૂા. ૧૫/– ના વાર્ષિક લવાજમના દરે જ માસિક આપવું શક્ય બન્યું ન હોત. પૂ. ગુરુદેવ અને પૂ. માની કૃપા વિના આ શક્ય શી રીતે બને?

લેખોના પ્રકાશનમાં પણ કદીક કોઈ ભાઈઓની કૃતિઓ પ્રસિદ્ધ ન થઈ હોય તો કડવા પત્રો લખે છે, કદીક કોઈ આક્ષેપ પણ કરે છે. પરંતુ સમગ્ર આમ વાંચક વર્ગનો વિચાર કરી પસંદગી કરવાની હોય ત્યારે જાણે–અજાણે અન્યાય થતો લાગે, તો અમને ક્ષમા કરે.

અધ્યાત્મનો ઉદ્દેશ એક જ છે કે આજના યુગમાં માનવનો ધર્મ અને ઈશ્વર સાથેનો નાતો જે એકદમ શિથિલ થઈ ગયો છે, તૂટી ગયો છે તે ફરી પ્રસ્થાપિત થાય અને માનવ સાચા અર્થમાં સુખ અને માનસિક શાન્તિ પામે. તે દિશામાં જો થોડો પણ ફાળો અધ્યાત્મ આપી શક્યું હોય, તો તેના પ્રકાશન પાછળનો પરિશ્રમ સફળ લેખાય. જો કે તેનો નિર્ણય એના વાંચકોએ કરવાનો છે. અસ્તુ.

— તંત્રી



# અમૃતપળોનો આસ્વાદ–૯

ગોરધનભાઈ કલોલા (કલ્યાણ)

અમૃતપળોનો આસ્વાદ માણતાં હજુ આપણે કલકત્તામાં જ છીએ. પૂ. માના પગલે પગલે પ્રેરણાસ્રોતો પ્રકટતાં જ રહે છે. સત્સંગ અહીં હરપળનો છે. પૂ. માની ઉપસ્થિતિ માત્રથી જ સર્વતાપનું શમન થાય છે. પૂ. મા ગમે ત્યાં વિહાર કરતાં હોય, સ્થળ ગમે તે હોય, પણ પાસે પહોંચીએ એટલે જીવનનું સાર-સર્વસ્વ સાંપડી જાય છે. એ સાન્નિધ્યમાં જીવનમંઝીલની હારા અનુભવાય છે. એ માતૃછાયે અંતરમાં ટાઢક ફળી વળે છે. મળવાનું સર્વ મળી જાય છે. ચાલો ત્યારે, એ દિવ્ય સાન્નિધ્યે પહોંચી જઈએ.

૬, ડીસેમ્બર '૯૦ ની સાંજ કલકત્તા પર પથરાઈ ગઈ છે. પૂ. મા 'હોટેલ નોર્થસ્ટાર'ના ઉતારાના ઓરડામાં બિરાજ્યાં છે. આસપાસ છોકરાઓ વીંટળાઈને બેઠા છે, પૂ. મા અત્યારે ઠાકુરના ભક્તો, બલરામબોઝ, ગિરીષ ઘોષ, માસ્ટર મહાશય વગેરેને યાદ કરે છે. તેમની શ્રદ્ધાભક્તિની વાતો કરી રહ્યાં છે, પૂ. મા તેમના સમર્પણભાવને યાદ કરતાં કહે "સમર્પણભાવ એટલે ઈષ્ટદેવમાં સર્વભાવે સમાઈ જવું. જેમ એક વૃક્ષના બે ભાગ સંધાઈને એક થઈ જાય તેમ ભક્ત ભગવાનમાં એકરૂપ થઈ જાય છે." પૂ. મા તીર્થયાત્રાનું મહત્ત્વ સમજાવતાં કહે "જાતે જ તીર્થમાં જવાથી પ્રભુને અમુક વાતો સાંભળવી જ પડે છે. જાતે હાજર થવાથી પ્રશ્નો આપોઆપ ઉકલી જાય છે." પૂ. મા પોતાની વાત કરતાં કહે

"મારામાં બ્રહ્મસૂત્ર, વેદ કે ઉપનિષદનું કંઇ પણ જ્ઞાન ન મળે. એક શ્લોક પણ ના આવડે. છતાં તમે બધાં અમારામાં શ્રદ્ધા રાખો તે પૂ. શ્રીની અનન્ય કૃપા ગણાય. બ્રહ્મસૂત્ર એટલે બ્રહ્મ સાથે જોડનારું સૂત્ર, એટલું જ અમે સમજીએ. એટલે અમે અમારું જીવન બ્રહ્મ સાથે જોડી દીધું છે, બીજી વિશેષ જ્ઞાનની વાતો અમને ના આવડે." પૂ. મા એક ખ્રિસ્તી બાળકની શ્રદ્ધાની વાત કરતાં કહે "આ બાળક ચર્ચમાં જાય ત્યારે કોઇ વિશેષ પ્રાર્થના કરતા ન આવડે, પણ ભગવાન ઈશુની સામે ઊભો રહીને આખી એ.બી.સી.ડી. બોલી જાય. કોઇએ તેને પૂછ્યું કે આ એ.બી.સી.ડી. બોલીને તું ભગવાનને શું કહે છે? ત્યારે બાળકે કહ્યું કે મને કોઇ પ્રાર્થના કરતાં આવડતી નથી, પરંતુ ભગવાન પોતે મારે માટે જે યોગ્ય પ્રાર્થના જોઇએ તે જાતે જ એ.બી.સી.ડી.માંથી શબ્દો શોધી-ને બનાવીને સાંભળી લેશે. આ બાળકનો કેવો નિર્દોષ ભાવ! બાળક જેવા નિર્દોષ બનીને પ્રભુ પાસે જઇએ એટલે તે આપણને અપનાવી લે છે, પ્રાર્થના આવડે કે ન આવડે, પણ બાળક બનતાં આવડે એટલે તેમાં સર્વશાસ્ત્રો સમાઇ જાય છે."

પૂ. માનું પણ પેલા બાળક જેવું છે, બાળક જેવાં નિર્દોષ ને નિર્મળ બનીને પોતાનું જીવન પ્રભુને સોંપી દીધું છે, પ્રભુએ તેમને પોતાનામાં સમાવી લીધા છે. હવે પ્રભુને જે યોગ્ય લાગે તે રીતે તે જીવન પાસેથી કામ લે છે, એટલે જ પૂ. મા જ્યારે બોલે છે ત્યારે એ વાણીમાં પરમશક્તિનો રણકાર અનુભવાય છે. બ્રહ્મસૂત્ર, વેદ, ઉપનિષદ વગેરે સર્વશાસ્ત્રોનો સાર એ વાણીમાંથી સરતો રહે છે. એ આચરણ અને વર્તનમાંથી દિવ્યત્વની સુગંધ ઉઠ્યાં કરે છે. જીવનની એ.બી.સી.ડી. પૂ. માએ પ્રભુને ચરણે ધરી દીધી છે. એમાંથી પ્રભુને ઠીક લાગે તેમ જીવનનો ઘાટ ઘડયા કરે છે.



દિવ્યભાવોનું સનાતન સંગીત પ્રભુએ હૃદયવીણા પર વગાડયા કરે છે, જનકલ્યાણમાટે ગંગાની જેમ આ પૃથ્વીપટપર પ્રભુ વિહાર કરાવ્યા કરે છે, ત્યાં સુધી કે શરીર પણ પૂ. માએ પ્રભુએ સોંપી દીધું છે. શરીર માટે પૂ. મા ક્યારેય કોઇ દવા લેતાં નથી, પ્રભુને શરીરને જે સ્થિતિમાં રાખવું હોય તેમ રાખે છે. જે કામ કરાવવું હોય તે કરાવ્યા કરે છે. પ્રભુ અદ્‌ભુત રીતે એ શરીર દ્વારા કામ કર્યા કરે છે. કંઇપણ અનાજ લીધા સિવાય માત્ર સ્નાનથી પ્રભુ એ શરીરમાં સ્ફૂર્તિ, શક્તિ પૂર્યા કરે છે. પ્રભુની દિવ્ય જાદુઇ શક્તિની કમાલ સૌને આશ્ચર્યમાં ડૂબાડે છે.

યાત્રામાં પણ દરરોજ થતો સાંજનો સત્સંગ અત્યારે ચાલી રહ્યો છે, પૂ. મા અત્યારે સ્પર્શ અને સંસ્પર્શનો અર્થ સમજાવી રહ્યાં છે. "વિશેષભાવ સાથે જ્યારે મહાપુરુષો સ્પર્શ કરે ત્યારે તેને સંસ્પર્શ કહેવાય. એ સંસ્પર્શ દ્વારા તેમની કૃપા ભક્તોમાં પ્રવાહિત થતી હોય છે. સંસ્પર્શ એટલે સંતોની વિશેષકૃપા. એ સંસ્પર્શ દ્વારા જીવનની કાયાપલટ થઇ જાય છે, સંસ્પર્શથી જીવન એકધારું સતત પ્રગતિ કરતું થઇ જાય છે. પૂ. શ્રીનો સંસ્પર્શ અમને દક્ષિણ ભારતની યાત્રા વખતે મળ્યો. એ સંસ્પર્શથી અમને એટલો બધો આનંદ થયો કે અમે એ પ્રથમ સંસ્પર્શે સવાલક્ષ જપનું અનુષ્ઠાન કર્યું."

અત્યારે રાત્રિના બાર થવા આવ્યા છે. આખા દિવસની યાત્રાનો પરિશ્રમ છે, છોકરાઓ થાક્યા છે છતાં પૂ. મા પ્રભુની વાતો કરતાં થાકતાં જ નથી. પૂ. મા દરેકને જયરામવાટીમાંથી લીધેલા રૂમાલ યાત્રાની પ્રસાદીરૂપે આપે છે. આ તીર્થોની યાત્રા પ્રભુએ કોઇપણ વિઘ્ન વિના પાર પાડી તેથી પૂ. મા પ્રભુનો આભાર માને છે. આ માત્ર સ્થૂળ તીર્થોની યાત્રા ન હતી,

પ્રકટતીર્થની જીવંતયાત્રા સાચા અર્થમાં જીવંતયાત્રા બની ગઇ! હાથ પકડીને સૌને પ્રભુપંથે દોરી રહ્યાં છે.

રામકૃષ્ણદેવ તથા મા શારદાદેવીના પ્રાકટ્ય તથા લીલાસ્થાન-ની યાત્રા સફળતાપૂર્વક શાંતિથી પૂર્ણ કરી પૂ. મા ૭ ડીસેમ્બર '૯૦ ના રોજ સવારમાં મુંબઇ જવા માટે કલકત્તા એરપોર્ટ પર આવી ગયાં છે. યાત્રા સુખપૂર્ણ સંપન્ન થઇ એટલે પૂ. મા ખૂબ જ પ્રસન્ન છે. શ્રી ગુલાબબેન કહે છે તેમ આ યાત્રા એક પ્રકારે સાત દિવસની સાધના શિબિર હતી. એમાં જીવન ઘડતરની તાલીમ તો હતી જ, પરંતુ સૌથી વિશેષ તો પૂ. માના પરમપ્રેમનો સીધો જ સંસ્પર્શ હતો. આ યાત્રા એટલા માટે મીઠી, મધુરી ને મનભાવન લાગી કારણકે પૂ. મા જ એવાં તો મીઠાં, મધુરાં ને રસીલાં કે એ માતૃદર્શનમાંથી ટપકતા પ્રેમપયનો આસ્વાદ ઘડીભર પણ છોડવાનું મન ન થાય. આ યાત્રા ફક્ત સ્થૂળ યાત્રા ન હતી. અમારી યાત્રાનું પરમ લક્ષ્ય તો પૂ. મા જ હતાં. એટલે અમારે કોઇ લક્ષ્ય સ્થાને પહોંચવાનું ન હતું. બહારનાં સ્થૂળયાત્રા સ્થાનો-માં ફરવાનું થાય તોયે ભલે અને ન થાય તોય ભલે. પરંતુ પૂ. માની ઉપસ્થિતિથી જ બધું જ ચેતનવંતું લાગતું હતું. પૂ. મા સાથે હોય પછી બીજા કોનાં દર્શન કરીએ? કોને પ્રાર્થના કરીએ? દર્શન પણ પ્રત્યક્ષ હતાં અને પ્રાર્થના પણ પ્રત્યક્ષ સંભળાતી હતી. હવે તો આ દિવ્યમાતા અમારા અણુએ અણુમાં સમાઇ ગયાં છે, અમે હરપળે એ દિવ્યમાતાનો સાક્ષાત્કાર અનુભવી શકીએ છીએ. અમારા અસ્તિત્વમાં માતૃત્વનો વાત્સલ્યભાવ સભર ભર્યો રહે છે. જીવનમાં કંઇ ખાલીપણું લાગતું નથી. અસહાયતા, નિરાધારતા, કોઇ ઓછપ કે ત્રૂટિ જરાપણ વર્તાતી નથી.

સતત દિવ્ય સાન્નિધ્ય એજ આ યાત્રાનું મહાફળ છે. પૂ. માની કૃપાદૃષ્ટિ નીચેથી વારંવાર પસાર થવાનું સૌભાગ્ય આ



યાત્રામાં મળતું રહ્યું છે. એ દિવ્યદૃષ્ટિ સતત અમારા સૌ પર ફરતી રહેવાથી પૂ. માની દિવ્યતા, વાત્સલ્ય, કરુણાનો સંસ્પર્શ સતત હૃદયમાં થતો રહે છે. દિવસો સુધી એ કૃપાદૃષ્ટિ સૌ છોકરાઓ ઉપર ફરતી રહેતી હોવાથી જીવનશુદ્ધિ સહજ સધાયાં કરે છે. પૂ. મા છોકરાઓને જુએ, પ્રેમથી બોલાવે, રમુજ કરી રમાડે તે બધું ભલે સહજ લાગતું હોય પરંતુ એ કૃપાવર્ષાથી આંતરિક સ્નાન, સતત થયા કરે છે, અંતરના મેલ ધોવાયા કરે છે. પૂ. માની ચૈતન્યગંગા અંતરને નિરંતર પવિત્ર કરતી રહે છે, જેથી દિવ્ય-તાને પંથે ઝડપથી ગતિ શક્ય બને છે. પૂ. મામાં ડૂબવાનું યાત્રા એક મોટું નિમિત્ત છે. પૂ. મામાં જ જીવન પૂર્ણવિરામ પામે છે.

આ યાત્રામાં મોટાભાગે સૌ પરદેશના જ યાત્રિકો છે. પૂ. માના સાન્નિધ્યમાં તેઓની પ્રથમ જ ભારતના તીર્થસ્થાનોની યાત્રા છે. એટલે યાત્રા કેવી લાગી તેના મનોભાવો વ્યક્ત કરવા પૂ. મા વિમાનમાં જ સૌને લખવા માટે આદેશ આપે છે. સૌ યાત્રિકો અત્યારે વિમાનમાં પોતપોતના મનોભાવો કાગળ પર ઉતારી રહ્યા છે. પૂ. મા ત્રણ સીટની એક સીટ કરીને શરીરને થોડો આરામ મળી જાય એ રીતે સૂતાં છે. સૂતાં સૂતાં પણ પૂ. મા વિષ્ણુસહસ્ર અને શિવમહિમ્નસ્તોત્રનો પાઠ કરી રહ્યાં છે. પૂ. માનો જીવનક્રમ હમેશાં અતૂટ રહ્યો છે. ગમે તેવા સંજોગો અને પરિસ્થિતિ વચ્ચે પણ સાધનામય જીવનનો તંતુ ક્યારેય તૂટતો નથી. જીવનની એક પળ પણ વેડફાતી નથી. આ યાત્રાનો બીજો મહત્ત્વનો લાભ પૂ. માના રોજિંદા જીવનને જોવાનો છે. એ જીવનક્રમને જોવાથી સાધનામય જીવનની તમન્ના, ધ્યેય માટેની લગન અને નિયમપાલનની અડગતા કેવી હોય તે જોવા મળે છે. મહાપુરુષોનાં જીવનને જોવું તે પણ સદ્ભાગ્ય છે; બીજું કંઇ પણ ન કરીએ પણ એ જીવનને જોયાં કરીએ તો પણ જીવનનો સુધાર

સહજ શક્ય બની જાય છે. જરા સરખી પણ છૂટછાટ, આળસ, બેદરકારી, ઉણપ કે ખામી ત્યાં જોવા મળતી નથી. મહાનતા કંઇ સૂતાં સૂતાં મોઢામાં આવી પડતી નથી. કેવા ઉદ્યમશીલ જીવન-માંથી જીવન ઇમારતની ભવ્યતા સર્જાય છે તેનો પદાર્થપાઠ પૂ. માનું જીવન જોવાથી સમજાય છે.

પૂ. મા હવે સીટપર બેઠાં છે. છોકરાઓ પાસેથી યાત્રાના અનુભવોના કાગળો લઇ તેના પર નજર ફેરવી રહ્યાં છે. નવા યાત્રિકો માટે આ યાત્રા એક નવું જ જીવન ભાથું લઇને આવી છે. અત્યાર સુધી તેઓએ પૂ. માને દૂરથી જ નિહાળ્યાં હતાં, આ યાત્રાથી એ જીવનમાં પ્રવેશવાનો લ્હાવો મળ્યો. એ જીવનપ્રવેશ સાથે પોતાના જીવનબારણાં પણ ખુલી ગયાં છે. પૂ. માના ખુલ્લા જીવનને જોવાથી તેમાંથી વહેતા થયેલાં પ્રેરણાસ્રોતો પોતાના જીવનને પણ અમૃત સિંચી રહ્યાં છે. આપણને નવાઇ લાગે તેવી જાદુઇ અસરોથી આપણું જીવન પરિવર્તન શક્ય બની જાય છે. પૂ. માને મળ્યા તે પહેલાનું જીવન અને ત્યારપછીનું જીવન આપણે જોઇએ તો એમાં આભજમીનનું અંતર લાગે. ક્યાં પહેલાનું એ તામસી–રાજસી જીવન અને ક્યાં પૂ. માના અમીમય સ્પર્શથી શીલામય જડ જીવનનું ચૈતન્ય ભરપૂર દિવ્યજીવનમાં રૂપાંતર! વિમાન હવે મુંબઇ ઉતરવાની તૈયારીમાં છે, એટલે સીટપરના પટ્ટા બાંધવાની પ્રક્રિયા સમજાવતાં કહે "સંસારના પટ્ટાના બંધનમાંથી છૂટો અને અમારી સાથે ફીટ થઇ જાઓ."

પૂ. મા સાથે પ્રેમબંધને બંધાઇ જવાથી જીવનમાં કેવા ફેરફારો થઇ જાય છે તેની વાત આપણે વિચારી રહ્યા છીએ. જીવનની કૂપમંડૂકતામાંથી બહાર નીકળી પ્રેમસાગરની પારાવારતાની અસીમતામાં ખોવાઇ જવાની મસ્તી માણવાનો એક અમૂલ્ય



અવસર આપણા સૌની સમક્ષ હસ્તામલકવત્ છે. પૂ. માનો પ્રેમ જ એવો છે! જેઓ પામ્યા છે તેઓ પાર ઉતર્યા છે. જેઓ એ પ્રેમપારાવારમાં ડૂબ્યા છે તેઓ પરમશાંતિનું મોતી પામ્યા છે. જીવનમાં અત્યાર સુધી આપણે ઘણા ખોટના સોદા કર્યા હશે, ઘણું ગુમાવ્યું હશે, પરંતુ પૂ. મા સાથે જીવનવેપાર કરવા જેવો છે. અહીં ખોટ નહીં જવા સાથે તો ગેરંટીનો વેપાર છે. કેવલ લાભ જ, લાભની જ ગેરંટી છે. કોઇ મૂડીરોકાણ નહીં અને લાભનો પાર નહીં! છે આવો વેપારલાભ બીજે ક્યાંય? તેમ છતાં આપણે ખોટને ધંધે જ વળગીએ છીએ. ખરી વાત એ છે કે આપણને પરમશાંતિની પરખ નથી, અથવા તો આપણે સાચી શાંતિ ઝંખતા નથી. એટલે ક્ષણિક શાંતિના મૃગજળ પાછળ દોડીએ છીએ, આપણામાં જીવનદૃષ્ટિની વેધકતા નથી. વિવેકની ધાર સાવ બુઠ્ઠી થઇ ગઇ છે. એટલે ધનની ગુલામીમાં શાંતિ શોધવાના ફાંફાં મારીએ છીએ. પરંતુ ગુલામીમાં શાંતિ પ્રામ કરવાની વાત મૃગ-જળથી તરસ છીપાવવા જેવી વાત છે. માટે જેમણે આ જીવનમાં જ શાંતિનું મોતી પકવી લેવું છે, પ્રેમધનનું ઐશ્વર્ય પામી લેવું છે, તેઓને માટે તો આજે પણ પૂ. મા કૃપાનો ગૌવર્ધન પર્વત ધારણ કરીને ઉભાં છે. ઇન્દ્રની આપતિ કે ભૌતિક સંપત્તિની રેલમ-છેલમાં તણાઇ જતાં પહેલાં એ કૃપાના ગિરિરાજ તળે આશ્રય લઇ લઇએ! સુરક્ષિત થઇ જઇએ, એ માતૃગોદે પરમ વિશ્રામ પામી લઇએ! એટલું ડાયરીમાં લખી રાખીએ કે પૂ. માની પારા-વાર સરળતા પાછળ છૂપાયેલા એ દૈવી પ્રભાવને પારખવો એ આપણા ગજા બહારની વાત છે, એટલે આપણા હાથની જે વાત છે તેને જ પકડી લઇએ. સંસારના પ્રેમાસક્તિના પટ્ટાના બંધન-માંથી છૂટી પૂ. માના પ્રેમપટ્ટાના બંધનમાં બંધાઇ જઇએ. હવે

મુંબઈથી શરૂ થયેલી માત્રા ફરીથી મુંબઈ પહોંચતાં પૂરી થાય છે. એરોડ્રામ પર ઉતરતાં પહેલાં જ વિમાનમાં આ યાત્રાનો સાર ટૂંકમાં પૂ. માએ આપી દીધો. પૂ. મા કહે "વિમાન જ્યારે ઉતરાણ કરે ત્યારે પડી ન જવાય તે માટે આપણે કમરે પટ્ટા બાંધી લઈએ છીએ, તેમ આ જીવનની હવાઈ જહાજની યાત્રામાં જો પ્રભુ-પ્રેમનો પટ્ટો બાંધી લઈએ તો પછી આપણું જીવન–વિમાન સંસારની પટ્ટી પર ઉતરશે તો પણ ક્યાંય જરાપણ આડાઅવળા પડવાની બીક નહીં રહે! આપણે નિર્ભય થઈ જઈશું!

આ યાત્રા દરમ્યાન પૂ. માના દિવ્ય સાન્નિધ્યમાંથી યાત્રી-ઓએ જે કંઈ મેળવ્યું છે, તેજ સૌના જીવનની સાચી સંપત્તિ બની ગઈ છે. પૂ. મા પાસેથી જે આધ્યાત્મિક સંસ્કારોની સમૃદ્ધિ પ્રાપ્ત થઈ છે તેની પરિતૃપ્તિના ઓડકારો તેમની વાણીમાં પડઘાઈ રહ્યા છે.

અમેરિકામાં વસતા શ્રી ભગવાનજીભાઈ ભક્ત પોતાનો ભાવ વ્યક્ત કરતાં કહે "પૂ. માની કૃપા વિના મારા માટે આ યાત્રા અશક્ય જ બનત! આ યાત્રામાં મારી પ્રાર્થનાઓ પૂ. માએ અક્ષરશઃ સાંભળી છે. પૂ. માની અલૌકિક શક્તિઓનો પ્રત્યક્ષ પરિચય આ યાત્રામાં અનુભવવા મળ્યો છે. પૂ. માના આ યાત્રાના અલૌકિક સાન્નિધ્યથી જીવનની સાચી આધ્યાત્મિક યાત્રા શરૂ થઈ છે."

વડોદરાથી શ્રી પૂર્ણિમાબેનનો અંતર આનંદ જાણે ક્યાંય સમાતો નથી. માતૃકૃપાની આનંદ ધારામાં ભીંજાતાં કહે "આ યાત્રામાં પ્રભુપ્રેમને વશ થઈ કેવા બંધાઈ જાય છે, તે ભગવાન અને ભક્તની અનુપમ લીલા કલ્પુને ઘેર જોવાનો અનોખો લ્હાવો



મળ્યો. પૂ. માને અહીં આજ્ઞાંકિત સેવકની જેમ કલ્પુ અને દેવની સેવા અને પૂજા સ્વીકારતાં જોવાં, તે ખરેખર ધન્ય અવસર હતો. પૂ. માનાં સખીસ્વરૂપનો જે વૈભવ અહીં જોયો તે વિસરી શકાય તેમ નથી. પોતાના પરમભક્ત માટે ભગવતી સ્વયં કેવું સરળ સખી સ્વરૂપ ધારણ કરીને હૈયાના હેતને વહાવે છે તેનાં આ તીર્થગૃહે દર્શન પામીને ધન્ય બની જવાયું! નિષ્કામ પવિત્ર હૈયે કરેલી સેવાથી ભગવાન કેવા ભક્તાધીન બને છે તે દૈવી લીલાનું અહીં પ્રત્યક્ષ દર્શન થયું. પૂ. માના શ્રીચરણે બાળક થઈ બેસીએ તો એ ભગવતી, બાળકને પોતાના શ્રી અંકે કેવા પ્રેમથી સમાવી લે છે તે દર્શન આગળ જાણે સ્વર્ગદર્શન તુચ્છ લાગે છે! ખરેખર, આ યાત્રાથી જીવનની કાયાપલટ થઈ છે. હવેનું જીવન પૂ. માની કૃપા અને કરુણાની પ્રસાદીરૂપ બની ગયું છે. ઘરથી દૂર થતાંની સાથે જ પૂ. માના સાન્નિધ્યે ભૌતિક દુનિયા સાચા અર્થમાં વિસ-રાઈ ગઈ! પૂ. માના દર્શન–સ્પર્શનના દિવસો જ સાચું જીવન છે, માટે આપની સેવા અને સાન્નિધ્યનું સુખ હે મા, સદાય ધરતાં રહેજો!"

કેનેડાથી આ યાત્રામાં જોડાયેલાં શ્રી મુન્નીબેનના ભાવો પણ કેટલા અંતરના ઊંડાણમાંથી પ્રકટે છે. તે પણ માણી લઈએ. મુન્નીબેન લખે છે "ઘણી વખત એકલાં ભગવાનના તીર્થધામોમાં જવાનું બન્યું છે, પરંતુ જેવો આનંદ પૂ. માના સાન્નિધ્યમાં આવે છે તે આનંદ ગમે તેટલા પૈસા ખર્ચવા છતાં બીજે ક્યાંય મળી શકતો નથી. ઘણા વખતથી મારી ઈચ્છા પૂ. મા સાથે યાત્રા કરવાની હતી તે પૂ. માએ અદ્‌ભુત રીતે પૂર્ણ કરી! સાથે રહેલા બીજા ભક્તોની પૂ. મા પ્રત્યેની કેવી અખૂટ શ્રદ્ધા છે તે જોવાથી તેમના જેવા બનવાની મને પણ ઈચ્છા થઈ! ખાસ તો કલ્પુબેનને

મળવાનો જે લ્હાવ મળ્યો, તે ભૂલી શકાય તેમ નથી. પૂ. મા અને કલ્પુબેનનો પરસ્પર જે પ્રેમ જોયો તેથી મને પણ એમ થયું કે હું પણ કલ્પુબેન જેવી થાઉં તો કેવું સારૂં? પૂ. મા પ્રેમને વશ થઇ કેવો દિવ્યભાવ વહાવે છે તે અહીં પ્રત્યક્ષ જોયું! પૂ. માએ આ યાત્રામાં શ્રી વસંતભાઇ અને ગુલાબમાસીને સમશૃંગી અને બાહુબલીના પગથિયાં ચડાવીને જે ચમત્કાર કર્યો છે તે હું કદાપિ વીસરી શકીશ નહીં! અંતે પ્રાર્થના કરું છું કે આવી યાત્રા વારંવાર કરાવતાં રહેજો, આપના શ્રી ચરણોમાં બેસવા માટે લાયક બનાવજો, સદાય છત્રછાયા ધરજો અને આવી અનુકૂળતા આપતાં રહેજો જેથી આપની પાસે બેસવાનો વધુને વધુ લાભ મળે."

ન્યુજર્સી, અમેરિકાથી શ્રી સરોજબેન આ યાત્રાને પોતાનું પરમ સૌભાગ્ય ગણતાં લખે છે કે "યાત્રાઓ જીવનમાં થયાં કરે છે, પણ પૂ. માની પાસે બેસવામાં જે આનંદ આવે છે તે બીજે ક્યાંય આવતો નથી. એટલે યાત્રાના સ્થળોમાં ફરવા કરતાં પૂ. માના સાન્નિધ્યમાં રહેવાનું મળે તેથી ખરેખર અંતરની પ્રસન્નતા અનુભવાય છે. આ યાત્રામાં ભગવાન અને ભક્તનું મિલન કેવું હોય છે, સાથે સાથે ભગવાન ભક્તને કેવી રીતે વશ રહે છે, તે કલ્પુબેનને ત્યાં નજીકથી જોવાનું સદ્‌ભાગ્ય મળ્યું! પૂ. મા અને કલ્પુબેનના જે દિવ્યભાવો નજરે જોયા તે લીલાપ્રસંગો આ યાત્રાના સૌથી સુખદ સંસ્મરણો છે."

તા. ૭, ડીસેમ્બર '૯૦ ના રોજ કલકત્તાથી મુંબઇ જતાં વિમાનમાં હરિ સાથેની હેતની વાતો કરતાં મેમ્ફીસ—અમેરિકાના શ્રી ગુલાબબેન લખે છે "વ્હાલી, પ્યારી પ્યારી મા, આપના સાન્નિધ્યમાં આવા સાત્ત્વિક વાતાવરણમાં પહેલી વખત રહેવાનું મળ્યું. એક અદ્‌ભુત અનુભવ આ યાત્રામાં એ થયો કે જે જે



તીર્થસ્થાનોમાં જ્યારે જ્યારે જે તે તીર્થ દેવી દેવતાઓને પગે લાગવાનું બનતું ત્યારે ત્યારે જે ભાવ હૃદયમાંથી વહેતો તે નિઃસંકોચ આપના પ્રતિ જ વહ્યાં કરતો. આપ જ એ સ્વરૂપે તીર્થધામોમાં બીરાજો છો એમ અંતર નિરંતર અનુભવ્યા કરતું હતું. સમશૃંગીના ૪૭૫ અને બાહુબલીના ૬૨૦ પગથિયાં આપની કૃપા વિના ચડવા કોઇ સંજોગોમાં શક્ય ન હતાં! મારા જેવા સ્થૂળ શરીર માટે પગથિયાં ચડયાં પછી ૧૦૮ દંડવત્ પ્રણામ કરવા, યુવાનની સ્ફૂર્તિથી ગરબા ગાવા, એ આપની શક્તિસંચારનો સાક્ષાત્ અનુભવેલો, ચમત્કાર છે. આટલી કપરી યાત્રા પછી પણ થાક ન અનુભવાય તે આપની અસીમ શક્તિનો જ સંચાર છે. યાત્રા તો હતી જ, પણ સાથે સાથે આપની હળવી રમુજો અને પ્રસન્ન પ્રકૃતિ થકી અમારા માટે ખરેખર નિર્દોષ આનંદ અને મસ્તીનું જાણે એ યાત્રા પર્વ બની ગઇ! આપના ખોળે નિશ્ચિંત, જવાબદારી વિનાનું બાળક જેવું જીવન જીવવાનું મળ્યું. આપના વિવિધ સ્વરૂપોનાં દર્શન થયાં. મા, તારા બાળકની સંભાળ તું સદા લે છે, તેની ચિંતા તું કરે છે તે વિશ્વાસ સાથે વિરમું છું."

મુંબઇના શ્રી મધુભાઇ ભટ્ટ યાત્રાના મધુરાં સ્મરણો આલેખતાં લખે છે "ઘણા વખતથી ઠાકુરની પ્રાકટ્યભૂમિ અને દક્ષિણેશ્વરની લીલાભૂમિની યાત્રા કરવાની ઇચ્છા હતી, પરંતુ સંજોગોવશાત્ સાકાર થઇ શકતી ન હતી. બેંગલોર કલકત્તાની યાત્રા નક્કી થઇ ત્યારે મોટેભાગે તેમાં વિદેશથી આવેલા યાત્રિકોને લાભ આપવાની વાત હતી, એટલે મારી કોઇ શક્યતા ન હતી! છતાં પૂ. મા તો અંતરયામી છે. તેમણે મારી અંતરની પ્રાર્થના સાંભળી લીધી અને છેક છેલ્લી ઘડીએ પણ અચાનક પૂ. માનો યાત્રામાં આવવાનો આદેશ થયો. મારા આનંદનો પાર ન રહ્યો!

ઠાકુર દર્શનની મારી જૂની ઇચ્છા તો પૂરી થઇ, પરંતુ આ યાત્રામાં પૂ. માનું જે પ્રસન્ન અને દિવ્ય સાન્નિધ્ય મળ્યું તેનો આનંદ વ્યક્ત કરવા મારી પાસે શબ્દો નથી. પૂ. મા આપણી જીવન ગૂંચવણોનો જે રમૂજી ઉકેલ કરે છે તેનો મને પ્રત્યક્ષ અનુભવ થયો. ક્ષણમાત્રમાં જીવનના સમકોઠાનો ભેદ જણાય જાય છે. પૂ. માના શ્રી ચરણે જીવન સોંપી આપણે હલકા ફૂલ થઇ જઇએ છીએ. આ યાત્રાએ મને સમર્પિત જીવનનું રહસ્ય સમજાવ્યું. હે મા! આ બાળકને શ્રીચરણે રાખજો."

આ યાત્રા વિશે અમેરિકાના શ્રી ભારતીબેન ભક્તના ભાવો પણ અંતર સરિતામાં ભરપૂર વહ્યા છે. ભાવાર્દ્રભાષા તેમની કલમમાંથી સહજ ટપકી પડી છે. લખે છે "પૂ. માના સાન્નિધ્યમાં સાચી યાત્રા કેવી હોય તેનો ખરેખર અલૌકિક અનુભવ થયો. સાત્ત્વિક, મુક્ત આનંદ કેવો હોય તેનો પ્રથમ અનુભવ પૂ. મા સાથેની આ યાત્રામાં થયો. અત્યાર સુધી પ્રવાસની મોજમજા માણી હતી, પરંતુ યાત્રાનો આનંદ નહોતો માણ્યો! એક મુક્ત પંખીની જેમ કોઇપણ જવાબદારી વિના પૂ. માના ખોળામાં બેસવાનો જે લ્હાવ મળ્યો તેને વર્ણવી શકાય તેમ નથી. હું તો જાણે પીંજરામાંથી છૂટી સીધી જ પ્રભુના શ્રી ચરણે પહોંચી ગઇ! વડોદરાની પારાયણ અને ત્યારબાદ નવચંડીની વિધિમાં જે મેળવ્યું તે માટે કોઇ શબ્દ નથી. ફક્ત અશ્રુધારા વહેતી રહી જેમાં બધું જ હતું! આનંદ, દુ:ખનું નિવારણ, પૂ. મા પ્રત્યેની લાગણી, પૂ. મા પ્રત્યેનો અંતરનો આભાર. બધું જ એ પ્રેમાશ્રુઓમાં વ્હેતું હતું! વર્ષોની પ્રાર્થના પ્રભુએ સાંભળી, સાક્ષાત્ જગદંબાના પ્રત્યક્ષ સાન્નિધ્યમાં નવચંડી થઇ, પૂ. માએ સ્વીકારેલી ચૂંદડી પ્રસાદમાં મેળવીને ધન્ય ધન્ય બની જવાયું! આવી યાત્રા, આવું સાન્નિધ્ય સુખ સદાય આપતાં રહેજો મા, તમારી ભારતીના પ્રણામ."



અમેરિકાના સુરેશભાઇ ભક્ત પોતાનો અંતર્નાદ વ્યક્ત કરતાં લખે છે "પૂ. માના સાન્નિધ્યમાં તીર્થધામોની આ પ્રથમ યાત્રા છે. પૂ. માનું દર્શન એ અમારી જીવનસાધનાનું ફળ છે. અમારું ધ્યેય પૂ. માના શ્રીચરણકમળમાં સમાઇ જવાનું છે. પૂ. માના સાન્નિધ્યમાં સતત શાંતિનો અનુભવ થાય છે. યાત્રા હવે પૂર્ણતાએ પહોંચી છે. હવે અમે ફરીથી અમારા સંસારમાં પ્રવેશવાના છીએ તો પણ જીવનમાં તમારા સિવાય બીજું કંઇ જ ન દેખાય તેવી કૃપાવર્ષા વરસાવજો."

કેનેડાનાં શ્રી વિમળાબેનની શ્રદ્ધા એવી કે, "પૂ. મા પ્રભુની કૃપા વગર કંઇ જ બનતું નથી. ૧૯૮૮ થી મારી ઇચ્છા પૂ. મા સાથે યાત્રા કરવાની હતી. અંતે મારી પ્રાર્થના પૂ. માએ સાંભળી અને આ સુખદ યાત્રા, જીવનનું યાદગાર સંભારણું બની ગયું. પૂ. માનું સાન્નિધ્ય જ જીવનયાત્રા બની રહે છે. આ વખતે સાંભળી તેવી પ્રાર્થના દરેક વખતે સાંભળતાં રહેજો."

અમેરિકામાં વસતા શ્રી ધનસુખલાલ પૂ. મા સાથેની તેમની પ્રથમ યાત્રાને જીવનનું પરમ સૌભાગ્ય માનતા ભાવભર્યા હૃદયે લખે છે "આ યાત્રાનો આનંદ હું શબ્દોમાં લખી શકું તેમ નથી. ભવિષ્યમાં જ્યારે પણ પૂ. મા સાથે ફરી યાત્રા કરવાનું બને ત્યારે હે મારા મન! તું આંખો મીંચીને હા પાડી દેજે, કારણકે યાત્રા નિમિત્તે આવો સત્સંગનો આનંદ જીવનમાં પહેલી જ વખત માણવા મળ્યો. યાત્રા નિમિત્તે પૂ. માના દિવ્યપ્રેમનો જે અનુભવ થયો છે. તે પ્રેમ માણવા જ પૂ. મા સાથે યાત્રા કરવાની વારંવાર ઇચ્છા થાય છે. મારું પાત્ર તો સાવ ખાલી છે, આપના પ્રેમ તથા આશીર્વાદથી તેને ભરી દેજો. આધ્યાત્મિક જીવન વિષે વિશેષ હું કંઇ જાણતો નથી પરંતુ આપનો પ્રેમ પામ્યા પછી એમ લાગે છે

કે પૂ. માનો દિવ્યપ્રેમ જ પરમાત્માનું સ્વરૂપ છે. હવે આપના સાન્નિધ્ય સિવાય બીજી કોઇ આધ્યાત્મિક ઇચ્છા નથી. આ જન્મ અને હવે પછીના જન્મોમાં પણ પૂ. માનું વધુ ને વધુ સાન્નિધ્ય મળે તે જ એક માત્ર ઇચ્છા છે. મારામાં કંઇ નથી એટલે આપને ઓળખવાની શક્તિ પણ તમે જ આપજો. દેશ વિદેશમાં જ્યારે પણ આવી યાત્રા થાય ત્યારે મને બડભાગી બનાવજો. આ યાત્રામાં મારાથી મન વચન કર્મથી કંઇ પણ અપરાધ થયો હોય તો ક્ષમા આપશો. સદાય આપની કૃપાની ઝંખના કરતા ધનસુખલાલના લાખો પ્રણામ."

ખરેખર પૂ. માના સાન્નિધ્યમાંથી અમૃતપળોનો આસ્વાદ નિરંતર વહ્યાં કરે છે. જે જે એ અમૃતપળોનો આસ્વાદ લેતાં થયાં છે તે સૌ આ યાત્રિકોની જેમ એ સાન્નિધ્યની દિવ્યપળો પામવાની ઝંખના કર્યા કરે છે. ખરેખર લ્હાવો અનુપમ છે. અવસર અનોખો છે, સમય સુવર્ણમય છે. અંતરમાંથી બીજું બધું કાઢીને, હૃદયમંદિરમાં ફક્ત પરમશક્તિ મા સર્વેશ્વરીની પ્રતિષ્ઠા કરી લઇએ.

હૃદયમહીં ફક્ત તમે રાજો, ખેલો ઘટઘટ માંહીં;
તમારા વિના બધું ભુલાવો, ઢોળી કૃપાનું પાણી.
પ્રેમે પ્રાર્થુ કર બે જોડી, યાચું અન્ય ન કાંઇ,
તમે જુઓ મુજને ને તમને રહું સદાય નિહાળી.
વંદુ માત ભવાની.

---



### ગીતાગાયક–લોકનાયક

# ભગવાન શ્રીકૃષ્ણ

મહેન્દ્રભાઇ ઇ. પંડયા

ભગવાન શ્રીકૃષ્ણ સમગ્ર ભારતમાં પૂજનીય વિભૂતિ છે, અને ભારતીય સંસ્કૃતિ અને ભારતની એકતાના પ્રતીક છે. માત્ર ભારતમાં જ નહિ પરંતુ સમગ્ર જગતમાં જ્યાં જ્યાં ભારતીય હિન્દુજનતા વસે છે તે સર્વ સ્થળે રામ અને કૃષ્ણ એ વિષ્ણુભગવાનના અવતારરૂપે પૂજાય છે અને આજે યુગો પછી પણ ભારતીય જનતાના અંતરમાં રામ અને કૃષ્ણ જીવન્ત છે, જન્માષ્ટમીના કૃષ્ણજયંતિના પૂનિત પર્વે આપણે સૌ પણ ભગવાન શ્રીકૃષ્ણને વંદન કરીને પાવન થઇએ.

શ્રીમદ્ ભગવતગીતા વિષે ભારતની સર્વ ભાષાઓમાં અનેક ભાષ્યો લખાયાં છે અને અનેક વિદ્વાનોએ એનાં વિવિધ અર્થઘટનો કર્યાં છે. ગીતા જેવા અપૂર્વ અને અમૂલ્ય ગ્રંથના ગાયક શ્રીકૃષ્ણે ગીતાદ્વારા માત્ર ભારત કે હિન્દુ પ્રજા માટે નહિ પરંતુ સમગ્ર માનવજાતને માટે ઉપયોગી જીવનદર્શન જગત સમક્ષ રજુ કર્યું છે. આપ એ માત્ર ગીતાગાયક જ રહેતા નથી, પરંતુ લોકનાયક–જગતનેતા બને છે, કારણ શ્રીમદ્ ભગવતગીતાએ સમગ્ર જગતની પ્રજાઓને–યુગોસુધી માર્ગદર્શન આપ્યું છે, માનવજીવનને સમૃદ્ધ બનાવે એવો જીવનસંદેશ આપ્યો છે. ગીતામાં જીવનના સર્વ–સામાન્ય અને અસામાન્ય પ્રસંગોએ વ્યવહાર અને આધ્યાત્મિકતાના સંવાદદ્વારા માનવજીવનમાં સુખ અને શાંતિ પ્રાપ્ત

કરવાની ચાવી આપી છે. વેદ, ઉપનિષદો વગેરે માફક ગીતામાં ફક્ત આદેશ કે ઉપદેશ જ નથી પરંતુ કૃષ્ણાર્જુન સંવાદદ્વારા માનવમનમાં જાગતા યક્ષપ્રશ્નો, વિવિધ શંકાઓ તથા તેનું સમાધાન પણ છે, એથી જ ગીતાના ૧૮ મા અધ્યાયમાં અંતે અર્જુન કહે છે–

नष्टो मोहः स्मृतिर्लब्धा, त्वत्प्रसादान्मयाऽच्युत ! ।

હે અચ્યુત! મારો મોહ નાશ પામ્યો છે અને મને પરિસ્થિતિનું સ્પષ્ટ દર્શન થયું છે. એમ કહી એ યુદ્ધ માટે તત્પર થાય છે. ફક્ત ગીતાના જ ગાયક નહીં પરંતુ સમગ્ર મહાભારતની સર્વ ઘટનાઓના નાયક શ્રીકૃષ્ણ જ છે, અને એમનું પ્રખર વ્યક્તિત્વ સમગ્ર મહાભારત પર છવાઇ ગયું છે. શ્રી અરવિંદના શબ્દોમાં– "માનવરૂપે શ્રીકૃષ્ણ મહાભારતના યુદ્ધના મહાન પ્રસંગની પાછળ ઉભા છે. પોતે મહારથી તરીકે આગળ આવતા નથી પરંતુ ગુહ્ય-કેન્દ્ર તરીકે, છુપા નેતા તરીકે પડદા પાછળ ઉભા રહે છે. એમનું કાર્ય લાક્ષણિક અને પ્રતીકના જેવું છે."

યુદ્ધ પહેલાં શ્રીકૃષ્ણ દુર્યોધનના હૃદયપલટા માટે અને વિનાશકારી યુદ્ધ અટકાવવા માટે વિષ્ટીકાર તરીકે જાય છે કારણ એ યુદ્ધની ભીષણતાઓથી સુપરિચિત છે, પરંતુ જ્યારે એમનો એ પ્રયત્ન નિષ્ફળ જાય છે ત્યારે અન્યાયના પ્રતિકાર માટે પુરા નિર્ણયને સમર્થન આપે છે. કવિ શ્રી ન્હાનાલાલના શબ્દોમાં–

"આપે સુજનતા દૈન્યગણી તો યુદ્ધ એજ નિર્માણ
પાર્થને કહો ચઢાવે બાણ !"

પોતે શસ્ત્રના ધારણ કરવાની પ્રતિજ્ઞા છતાં અર્જુનના સારથી બનીને તેને યુદ્ધમાં પણ દર્શન આપે છે. વાસ્તવમાં સમગ્ર યુદ્ધના



સંચાલક એ જ છે, તત્કાલિન સમાજના કંસ, દુર્યોધન, જરાસંધ, શિશુપાલ વગેરે રાજાઓ નિર્દય, અત્યાચારી, અને પ્રજાપીડક હતા ત્યારે ધર્મ અને ન્યાયના શાસન માટે શ્રીકૃષ્ણે બાલ્યવયથી જ પ્રવૃત્તિનો આરંભ કર્યો હતો અને એ સર્વના વિનાશ માટે કારણભૂત બન્યા હતા.

નેતાગીરીની કસોટી તો કટોકટીમાં જ થાય છે. આપણા વર્તમાન સમયમાં પણ ૧૯૪૨ માં મહાત્મા ગાંધી અને ૧૯૭૫ માં રાજકીય કટોકટીના પ્રસંગે શ્રી જયપ્રકાશ નારાયણ વગેરે લોકનેતાઓએ અન્યાય સામે પ્રતિકાર માટે લોક આંદોલનોની નેતાગીરી લીધી હતી. એ લોકનાયકનાં જીવંત દૃષ્ટાંતો આપણી નજર સામે જ છે.

અર્જુન જ્યારે સૌ સ્વજનોને યુદ્ધભૂમિમાં ઉભેલા જોઇને વિષાદથી ઘેરાઇને 'યુદ્ધ નહિ કરું' એમ બોલીને રથમાં બેસી જાય છે. ત્યારે અર્જુનને ગીતાના અઢાર અધ્યાયમાં માનવી જીવનનાં વિવિધ પાસાં–ધર્મ–અધર્મ, કર્મ, અકર્મ, સંસારમાં માનવીનું કર્તવ્ય વગેરે ચર્ચાદ્વારા અર્જુનને વિરાટવિશ્વની સંકુલ રચના, સંકલના, અને માનવજીવનનો મર્મ વિસ્તારથી સમજાવે છે. સંસારમાં ઘણા પ્રસંગોએ ધર્મ અને અધર્મજ નહિં પરંતુ ધર્મ અને ધર્મ વચ્ચેના સંઘર્ષમાં માનવી મુંઝવણ અનુભવે છે અને અર્જુનની પણ એજ સ્થિતિ છે. ત્યારે ફક્ત સંકુચિત સ્વાર્થની દૃષ્ટિથી જ નહિં પરંતુ વિશ્વના વિશાળ હિતમાં લોકસંગ્રહ અર્થે વ્યક્તિએ પોતાના કર્તવ્યની પસંદગી કરવાની છે, અને એજ તે સમયે એનો ધર્મ બને છે. મહાભારતના યુદ્ધ પહેલાં કૌરવસભામાં દ્રૌપદી વસ્ત્રહરણ તથા અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી ઉત્તરાના ગર્ભનું

રક્ષણ વગેરે સર્વ ઘટનાઓમાં શ્રીકૃષ્ણ જ મુખ્ય પાત્ર છે ધર્મના સંરક્ષક અને અન્યાયના પ્રતિકારક છે.

ગીતામાં શ્રીકૃષ્ણ લોકનાયક નેતા તો છેજ પરંતુ આજના નેતાઓની માફક ટોળાંના નેતા નથી, એમની નેતાગીરી માત્ર સૂત્રોચ્ચાર કે આંદોલનમાં સમામ થતી નથી એ અનુયાયીઓ પાસેથી અંધભક્તિની અપેક્ષા રાખતા નથી, પરંતુ એમના અનુ-યાયી સાચી સમજપૂર્વક નેતાને અનુસરે એવી ઇચ્છા રાખે છે. એથી જ એ અર્જુનને વારંવાર પૂછે છે—મે તને જ જ્ઞાન આપ્યું તે તું સમજ્યોને? એ સમજ્યા પછી પણ તને જો યોગ્ય લાગે, તારી બુદ્ધિ એનો સ્વીકાર કરે તો જ એને સ્વીકારજે, નહિ તો **यथेच्छसि तथा कुरु!** તું તારી ઇચ્છા પ્રમાણે વર્તવાને મુક્ત છે. આપ શિષ્યને સંપૂર્ણ જ્ઞાન સાથે યોગ્યકર્મમાં પ્રવૃત્ત થવા પ્રેરો છો. આ સર્વ સંદેશમાં સમજાવટ છે, જે શિષ્યને સત્ય પરિસ્થિતિનું જ્ઞાન આપે છે, માર્ગદર્શન આપે છે, પંરતુ એમાં ક્યાંય આદેશ કે આજ્ઞા નથી અને એજ ગીતાની વિશિષ્ટતા છે, ગીતામાં રહેલો બુદ્ધિયોગ છે, એજ ગીતાના ગાયક શ્રીકૃષણની પદ્ધતિની વિલ-ક્ષણતા છે. અહીં વાસ્તવમાં ગુરુ હોવા છતાં, જ્ઞાનદાતા હોવા છતાં શ્રીકૃષ્ણ અર્જુનના હિતચિંતક સખા છે. અર્જુન એમનો પ્રિય શિષ્ય છે અને એને કર્મની સ્વતંત્રતા છે. આ સ્વતંત્રતામાં જ આજનો બુદ્ધિવાદ છે જે આજના યુગમાં પણ સર્વ બૌદ્ધિકોને પણ સ્વીકાર્ય છે અને એથી જ ગીતાની પદ્ધતિ સાંપ્રત સમયમાં પણ સુસંગત છે. શ્રીકૃષ્ણ સર્વ પ્રાણીમાત્રના અંતરમાં વસેલા સર્વના સારથી—માર્ગદર્શક—નેતા છે, અને એ રીતે જગદ્ગુરુ છે.

મહાભારતના સર્વ પ્રસંગોએ ભગવાન કૃષ્ણ જીવનમાં પ્રત્યેક



વ્યક્તિને વિવેકપૂર્વક લોકસંગ્રહ અર્થે સક્રીય રહેવા પ્રેરણા આપે છે. આ સર્વ બોધ કે ઉપદેશ માત્ર અર્જુન માટે જ નથી પરંતુ સમગ્ર માનવજાત માટે; માત્ર જીવનનો રોજીંદી પ્રવૃત્તિઓ માટે જ નહિં પરંતુ વિષમ સંજોગોમાં પણ એ વિષમતાઓનો સામનો કરવા પ્રેરણા અને માર્ગદર્શન માટે છે. કુરુક્ષેત્રનું યુદ્ધ અને અર્જુનનો માનસિક સંઘર્ષ એ તો પ્રતીક છે. એ દ્વારા માનવ અંતરમાં સતત ચાલતા શુભ—અશુભ, ધર્મ—અધર્મ, કર્તવ્ય અને મોહ વચ્ચેના સંઘર્ષમાંથી માર્ગ શોધીને નિષ્કામ કર્મની સાધના દ્વારા કર્મમાં પ્રવૃત્ત રહેવા બોધ છે. જીવનમાં નિષ્કામ કર્મયોગ દ્વારા ફળની અપેક્ષા વિના કર્મયોગી થવાનો સંદેશ છે. ભગવાન પોતાનું જ દૃષ્ટાંત આપે છે. વિશ્વનિયંતા પરમાત્માને સંસારમાં અવ-તાર લઇ કર્મમાં પ્રવૃત્ત રહેવાનું રહસ્ય સમજાવતાં કહે છે કે—

"મારે કશું કર્મ કરવા કે ન કરવા જેવું છે જ નહિં પરંતુ જો હું કર્મ ના કરું તો લોકો મને અનુસરે અને નિક્રિય થઇ જાય તો સંસાર ચાલે જ નહિં, મારે કશું મેળવવાનું ન હોવા છતાં લોક-સંગ્રહ અર્થે અવતાર લઉં છું અને કર્મમાં રત રહું છું." કર્મયોગી સંતોના જીવન અને પ્રવૃત્તિનું આજ રહસ્ય છે. વળી જ્યારે જ્યારે પૃથ્વી પર ધર્મની ગ્લાનિ અને અધર્મનું સામ્રાજ્ય પ્રવર્તે છે' ત્યારે સત્પુરુષોના ઉધ્ધાર માટે અને દુષ્ટોના વિનાશ માટે હું યુગે યુગે અવતાર ધારણ કરું છું.

આ તત્ત્વજ્ઞાન હિંદુધર્મની પરમાત્માના અવતારોની માન્યતાનું અર્થઘટન અને સમર્થન છે.

આમ ભગવાન શ્રીકૃષ્ણ ગીતા દ્વારા વિશ્વના નિયંતા હોવા છતાં નિષ્કામ કર્મ દ્વારા સમગ્ર સંસારને પ્રેરણા આપે છે, અને

પોતાના દૃષ્ટાંત દ્વારા અન્યાયના પ્રતિકાર અને ભૂતયાત્રાના હિતમાટેનો અમર સંદેશ આ ગીતાના ગાયક અને લોકનાયક આપે છે.

જન્માષ્ટમીના કૃષ્ણજયંતિના મંગલ પર્વે આપણે પણ સૌ પણ ભગવાન શ્રીકૃષ્ણને એમના વચનમાં સંપૂર્ણ શ્રદ્ધાસાથે પ્રાર્થીએ કેઃ–વિશ્વના સંક્રાંતિકાળે અને માનવસર્જિત વિનાશને આરે ઉભેલા આ વિશ્વની રક્ષા અને પુનરુત્થાન માટે, હે વિશ્વ-નિયંતા! તમારાં ગીતાના વચનઅનુસાર આ પૃથ્વીપર અવતાર લો અને નિરાશ માનવજાતિના અંતરમાં આશાનો દીપ પ્રગટાવો.

(આકાશવાણીના સૌજન્યથી)

o

અંબાજીમાં ક્યાં ઉતરશો?
"સ્વર્ગારોહણ"
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ.ગુ.) ૩૮૫૧૧૦



# બ્રહ્મચૈતન્ય

કમલ સુથાર

જે સર્વપ્રકારના ભેદોથી પર છે તે પરબ્રહ્મ છે. આ પરબ્રહ્મ એક અખંડ, અદ્વિતીય, પરિપૂર્ણ છે. તેની ઊંચી કે નીચી કોઇ ગતિ નથી. તે સર્વવ્યાપક છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. જે શાશ્વત ચૈતન્ય છે તેને જ બ્રહ્મચૈતન્ય કહે છે.

બ્રહ્મચૈતન્યમાં હું–તું ના ભેદ સંભવતા નથી. સાકારરૂપે પણ તેજ વિલસે છે. તેજ નિરાકાર છે. સોનાનું કોઇ પણ ઘરેણું હોય, તેના આકારો જુદા જુદા ભલે હોય પણ મૂળમાં તો તે શુદ્ધ સોનું જ છે. એટલે જ તો પરમ સંત શ્રી નરસિંહ મહેતા આ બ્રહ્માનુ-ભૂતિનું વર્ણન કરતાં કહે છેઃ

"અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ જૂજવે રૂપે અનંત ભાસે."

નાનો પિંડ અને વિરાટ બ્રહ્માંડ તત્ત્વદૃષ્ટિએ અભિન્ન છે. સ્થૂલતાના, અનેકતાના, ભેદના પટને ભેદી જે એની પારના સૂક્ષ્મને–એકને અભિન્નને જોઇ શકે છે તેજ પિંડ–બ્રહ્માંડ ને જીવ–ઈશ્વરના ભેદોથી પર થઇ બ્રહ્માત્મૈક્ય ભાવને પામી શકે છે. ભેદ મનુષ્યની દૃષ્ટિમાં છે. ભગવાનમાં નહીં. દોષ મનુષ્યની દૃષ્ટિમાં છે, ભગવાનમાં નહીં. દોષ કૌરવોની અધમ–કપટી આંખોમાં છે, ભગવાનમાં નહીં. પરબ્રહ્મમાં નહીં.

ઠંડીથી પાણી થીજી જાય તો તે બરફ નામે ઓળખાય છે. અને તે બરફ ગરમીથી પીગળે તે પાણીના નામે ઓળખાય છે. મૂળ પાણી–એકજ તત્ત્વ છે.

આ બ્રહ્મચૈતન્ય ગુણાતીત છે. તે કોઇ જડ દિવાલોમાં બંધાતું

નથી. તે આકાશથી પર છે. તેમાં દ્વૈત નથી. જેનું અધિષ્ઠાન કે આધાર કંઇ જ નથી. એ શાશ્વત બ્રહ્મચૈતન્ય સર્વત્ર વિલસી રહ્યું છે. તે સર્વ પ્રપંચોથી પર છે. તે નજીક પણ છે અને દૂર પણ છે. પરમ આત્મજ્ઞાની સંત કવિશ્રી અખાના મતાનુસાર તે સદ્‌ગુરુની કૃપાથી સુલભ છેઃ

"ચરણ કમળ ગુરુદેવનાં સેવતાં સદ્ય હરિ મળે."

તે નથી તેજ કે નથી પાણી, તે પૃથ્વી અને વાયુ પણ નથી. આકાશથી પણ પર એવા અમૃતસ્વરૂપ, બ્રહ્મચૈતન્ય ને વેદ "નેતિ–નેતિ" કરીને ગાય છે. જેમાં પાપ–પુણ્ય નથી, ગતિ–અવગતિ નથી, જે ગુણાતીત છે. જે બુદ્ધિ અને ઈન્દ્રિઓથી પર છે એવું આ બ્રહ્મચૈતન્ય પરમ પ્રકાશ સ્વરૂપ છે. તેના તેજથી સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર પ્રકાશમાન થાય છે. આ બ્રહ્મચૈતન્ય વિષે મુંડકોપનિષદમાં કહેવાયું છે કેઃ

हिरण्मये परे कोशे विरजां ब्रह्म निष्कलम् ।
यच्छुभ्रं ज्योतिषां ज्योतिस्तद् यदात्मविदो विदुः ॥

અર્થાત્–જે નિર્મલ અને અવયવ રહિત બ્રહ્મ જ્યોતિર્મય પરમકોશમાં રહે છે. તે શુદ્ધ અને સમસ્ત પદાર્થોના પણ પ્રકાશક છે. જેને આત્મજ્ઞાની મહાપુરુષો જ જાણી શકે છે. કૈવલ્યોપનિષદમાં આ બ્રહ્મચૈતન્ય વિષે કહેવાયું છે કેઃ તે બ્રહ્મા છે. તે શિવ છે. તે ઈન્દ્ર છે. તે અક્ષરપરમાત્મા છે. તે વિષ્ણુ છે. તે કાલ છે. તે અગ્નિ છે. અને તેજ ચંદ્રમા છે.

एकं सद्विप्रा बहुधा वदन्ति ॥ ऋग्वेद

અર્થાત્–આ એક બ્રહ્મચૈતન્યને, પરબ્રહ્મને, વિદ્વાન લોકો અનેક નામોથી સંબોધે છે. તે એક બ્રહ્મચૈતન્ય સર્વત્ર સર્વમાં, પૂર્ણ શાશ્વતરૂપે, પરમ પ્રકાશ સ્વરૂપે વિલસે છે. તે એક અને વાસ્તવમાં એકજ છે.



## * દેનાર નથી દૂબળો *

દેનાર નથી દૂબળો
શાને તું રાંક ગરીબડો?
હાથ લેનારનો નીચો
દેનારનો ઊંચો.
દેનાર મૂઠી ઊંચેરો
લેનાર નજર નીચેરો.

તેનો ધોખો કરે કાં મનવા
માગી કા'ન સે કિરતારથી
ફેલાવી હાથ ને ગર્જું કાઢીને
ખુમારી જો દાતારની
ખુમારી અદકી પાનારની.

— જિતેન્દ્ર પંડ્યા

## * લવાજમ મોકલાવો *

અધ્યાત્મ માસિક ઓક્ટોબર ૯૩ થી પંદરમા વર્ષમાં પ્રવેશ કરે છે. એટલે જે ગ્રાહકોનાં વાર્ષિક લવાજમ સપ્ટેમ્બર ૯૩ માં પૂરાં થતાં હોય તેઓને તેઓની લવાજમની રકમ અને નામ–સરનામાં વેળાસર મોકલાવવા વિનંતિ છે.

પરદેશના વાર્ષિક ગ્રાહકો પણ તેઓનાં લવાજમ સમયસર મોકલાવે તેવી વિનંતિ છે. —તંત્રી

## * અંતરની આંખ *

ગર્ભવાસમાં કોલ તને દીધો,
બ્હાર નીકળી હું ભૂલી ગયો;
મોહમાયામાં ફસાયો હું ને,
આવ્યો અંતરમાં અંધાપો રે. ગર્ભ૦
બાલપણું મેં રમતમાં ખોયું,
તારી સામે પ્રભુ નહિ જોયું રે;
મોહમાયામાં ફસાયો હું ને,
ગર્વથી રહ્યો હું ખેલી રે. ગર્ભ૦
જુવાની મારી આવી રહીને,
દિવાની થઈને ડોલી રહી,
તોએ મારી આંખ ન ખુલી;
ગર્વથી રહ્યો હું બોલી રે. ગર્ભ૦
ઘડપણ મારું આવ્યું દોડી,
કમાયો નહિ હું કોડી રે;
જમનું તેડું આવીને બેઠું,
તોયે અંતરની આંખ ન ખોલી રે. ગર્ભ૦

— દુર્લભજી ભક્ત, (સ્યાદલા)



## * શુભ–અશુભ ચિંત્વન *

વિચારો દુષ્ટ પરમપીડક, ભલે દિલમાં ઘૂંટાતા હો–
છતાં, જઈને ઈજા કરતા — ભલે વ્યક્તિ ગમે ત્યાં હો !
ત્યમ, વિચારો શુદ્ધ અંતરના, પ્રબળતાથી સ્ફુરેલા હો–
જઈ સામે મદદ કરતા, ભલે વચ્ચે હિમાલય હો !

## * જીવન વ્યાકરણ *

નથી તુજ એકલાનું કંઈ, જીવનમાં જે મળેલું છે !
'ઋણાનુબંધ'ની રીતે — જગત એમાં ભળેલું છે !
पराई पीड'માં ખર્ચે, મળ્યાં જે સાધનો – શક્તિ,
જિવાડીને જીવે સાથે, જીવનની એ ખરી ભક્તિ !

## * મજલ *

અય જિંદગી ! ત્હારી મજલની કંઇ ખબર પડતી નથી !
અટપટા ત્હારા વળાંકો — લેશ સમજાતા નથી !
કહીં ભૂલો પડું ! અથડાઈને, — પાછો ખરે રસ્તે ચડું !
'પ્રભુનામ'નો આધાર લઈ, નિર્ભય હવે ચાલ્યા કરું !

— રતિલાલ ભાવસાર

# મંત્રજાપ લેખન

૧૫ ઓગસ્ટ, ૧૯૯૨ ના રોજ મંત્રજાપ લેખનનો પ્રસ્તાવ સૂચવવામાં આવેલ અને તેની જવાબદારી યુવાન ઉત્સાહી સાધક શ્રી સંજય ચંદ્રકાન્ત પંડયા, રાજકોટને સોંપવામાં આવેલ.

આ એક શુભસંકલ્પનું સુંદર પરિણામ એક વર્ષના અંતે જણાયું. એક વર્ષ દરમ્યાન કુલ ૯૧૪ ભારતના અને ૧૯ વિદેશના સાધકોએ એમાં ભાગ લીધો અને કુલ ૫,૬૬,૧૯૦૧૯ મંત્રોનું લેખન થયું. કહો કે એટલા મંત્રજાપ ભગવાનના તો થયા.

ભારતના ૯૧૪ સાધકોમાં એકલા મોરબીના જ ૫૪૪ જપ-લેખકોએ ત્રણ કરોડ જપ લખ્યા, તો રાજકોટ અને અમદાવાદના અનુક્રમે ૧૦૪ અને ૧૦૫ સભ્યોએ ૬૦ લાખ અને ૬૬ લાખ લખ્યા. શહેરની અનેકવિધ પ્રવૃત્તિઓ વચ્ચે પણ સરસ કામ થયું.

વિદેશોના ૧૮ જાપલેખક સાધકોમાંથી પનામાના ૭ સભ્યોએ ૯૨ લાખ, ટનોપાહ નેવાડાના ૯ સાધકોએ લગભગ ૨૮ લાખ મંત્રજાપ લખ્યા.

આમ એક વર્ષમાં કેવું સરસ કામ થયું. હજુ પણ મંત્રજાપ લેખન ચાલુ છે.

છ થી ૧૬ વર્ષ સુધીના લેખકોમાં જે વધુ મંત્રજાપ લખે તેને શ્રી છેલભાઇ રાવલ તરફથી રૂ. ૧૦૧ નું ઇંદિરા વિકાસપત્ર આપવાની જાણ પણ તેઓએ કરી છે.

આ કાર્ય ખૂબ ઉત્સાહથી કરવા બદલ શ્રી સંજયભાઇને અભિનંદન ઘટે છે.

—તંત્રી



તમો જપયજ્ઞની સેવા કરો છો, જે જાણીને આનંદ થાય છે. તે માટે તમોને ધન્યવાદ.

મારું જપલેખન ચાલે છે અત્યાર સુધી લગભગ સવા બે લાખ લખાયા છે. ત્રણ રંગમાં લાલ, વાદળી, લીલા.

જપલેખનમાં જે બાળકો ૬ થી ૧૬ વરસસુધીના ભાગ લે અને વધુ જપ લખેલ હોય તેને ઇંદિદાવિકાસ પત્ર રૂ. ૧૦૧/– નું આપીને સેવા કરવી છે. તે માટે મેં પૂ. માને પણ લખેલ છે જે તમારી જાણ માટે લખું છું.

તમોએ હસ્ત લેખિત અંક માટે યોજના કરી, તે માટે પણ ધન્યવાદ.

એજ જય યોગેશ્વર

છેલભાઇ રાવલ

## નવરાત્રિમાં પૂ. માની હાજરીમાં મૌન જપયજ્ઞ

આ વર્ષે નવરાત્રિમાં પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી ભારતમાં હોઇ તેઓ અંબાજીના સ્વર્ગારોહણ ખાતે તા. ૧૬–૧૦–૯૩ થી ૨૩–૧૦–૯૩ સુધી છે. આ પ્રસંગે સંપૂર્ણ મૌન રાખી જપયજ્ઞમાં ભાગ લેવાનો છે. તે માટે કડક નિયમો પણ પાડવાના છે. તેની જાણ સાધકોને આયોજન સમિતિ તરફ-થી અલગ પત્રથી કરવામાં આવી રહી છે.

# શ્રી શ્રી મા આનંદમયી

લેખક : રણધીર ઉપાધ્યાય
સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

નિર્મળા (મા આનંદમયી)નાં લગ્ન આટપાડાના જગતબંધુ ચક્રવર્તીના પુત્ર રમણીમોહન સાથે થયા હતાં. ત્યારે નિર્મળાની ઉંમર માત્ર ૧૨ વર્ષ અને ૧૦ માસની હતી. એટલે કે લગભગ ૧૩ વર્ષની ઉંમરે નિર્મળાએ પ્રભુતામાં પગલાં માંડયાં.

રમણીમોહન ચક્રવર્તીના માતુશ્રી ગુજરી ગયાં હતાં. લગ્નના બે વર્ષ બાદ રમણીમોહનના પિતાશ્રી પણ મરણ પામ્યા. એ પોતાની પાછળ બહોળું કુટુંબ મૂકતા ગયા. રમણીમોહનના બે મોટાભાઈ પરણેલા અને બાળકોવાળા હતા. બીજા બે નાના ભાઈ અપરિણિત હતા. તદુપરાંત પાંચ નાની–મોટી બહેનો હતી. આવા મોટા સંયુક્ત કુટુંબમાં નિર્મળાસુંદરી વહુ થઈને ગઈ.

લગ્ન પછી રમણીમોહનની પોલિસ વિભાગની નોકરી છૂટી ગઈ. એ બેકાર બન્યા. નોકરીની શોધમાં રમણીમોહન ઢાકા ગયા. નિર્મળાને એ પોતાના મોટાભાઈ રેવતીમોહનના આશ્રયે તેમના ઘેર મૂકી ગયા. રેવતીમોહન ઢાકા–જગન્નાથ રેલ્વેના સ્ટેશન માસ્ટર હતા અને આટપાડામાં રહેતા હતા. ત્યાં નિર્મળા જેઠ, જેઠાણી અને અન્ય વડીલો સાથે રહેવા આવી. રેવતીમોહન કુટુંબના વડા હતા, ઘરના મોભ હતા. ઘરની બધી જ જવાબદારીઓ અદા કરતા હતા. નિર્મળાને ચાર વર્ષ લગી પતિથી વિખૂટાં પડી તેમને ત્યાં રહેવું પડયું. આ જ સમયે નિર્મળાના પિતા બિપિનબિહારી ભટ્ટાચાર્ય કોઈક કારણસર ખેવડા છોડી



કુટુંબ સાથે પોતાના મૂળ ગામ વિદ્યાકૂટ જતા રહ્યા અને ત્યાં વસવાટ કર્યો.

નિર્મળા પોતાના જેઠ–જેઠાણી સાથે બરોબર ગોઠવાઈ ગઈ હતી. એના સદ્‌વ્યવહાર અને સુંદર આવડતને લીધે સૌ એને ચાહવા લાગ્યાં, એનામાં ઘરકામની ભારે સૂઝ હતી. શરીરમાં એવી તો સ્ફૂર્તિ અને શક્તિ હતી કે ઘરના બધાં જ કામ ઝટઝટ પતાવી ઈતર કામો માટે સમય કાઢતી. જેઠના ઘરના સૌ સભ્યો એની હાજરીથી રાજી રહેતાં. એના દૈનિક કાર્યોમાં રાંધવું, પાણી ભરવું, વાસણ માંજવા, વાસીદું વાળવું, કપડાં ધોવાં વગેરે મુખ્ય હતાં. તદુપરાંત અન્ય નાનાં મોટાં કામ નીકળતાં જ. નિર્મળા બધાં કામ એકલે હાથે કરવામાં વિશેષ આનંદ અનુભવતી. બપોરે ઊંઘવા કે આરામ કરવાને બદલે એ કાંતણ, ભરત, ગૂંથણ કરતી અને પાડોશી બહેનોને એ બધું શીખવતી. આમ ગામમાં એ કેન્દ્રવર્તી વ્યક્તિ બની ગઈ હતી.

નોકરીની શોધમાં ઢાકા ગયેલા રમણીમોહન કામ ન મળવાને લીધે વચ્ચે વચ્ચે પાછા આટપાડા આવતા. નિર્મળા માટે ત્યારે તે કંઈક નાની મોટી વસ્તુ લેતા આવતા. નાના ભાઈનો આ અભિગમ મોટા ભાઈ રેવતીમોહનને ગમતો. કુટુંબથી વિખૂટી પડી, શ્વસુરગૃહે આવેલી એ કોડભરી નવવધૂને લગ્નના પ્રારંભથી જ પતિનો વિયોગ વેઠવો પડે છે એ વાત રેવતીમોહનને અતિશય કઠતી, પણ સંજોગોની ભીંસને લીધે એ બધું ગળી જતા. બંને ભાઈઓના પારસ્પરિક પ્રેમમાં જરાયે ઊણપ ન હતી, પણ પ્રતિકૂળ પરિસ્થિતિ પોતાનો ભાગ ભજવ્યા વિના રહેતી નહિ. ક્યારેક ચઢભળાટ થઈ જતો. મન ઊંચાયે થઈ જતાં પણ નિર્મળા માટે તો સૌ પ્રાણ પાથરતાં. એના સુખનું સૌ ધ્યાન રાખતાં.

રમણીમોહન સૌ વચ્ચે દુખાંત નાટકના પાત્ર જેવા મૂક અને દયાને પાત્ર હતા.

રેવતીમોહનને આશુતોષ નામે નાનો બાબો હતો. તે નિર્મળાસુંદરીનો બહુ જ વહાલકો થઇ ગયો હતો. તે પુત્રની જેમ જ તેની સાથે વરતતો. નિર્મળા વિના એ ઘરમાં રહી શકતો ન હતો. એ જ એને જમાડતી, સુવાડતી તૈયાર કરી નિશાળે મોકલતી. એની બધી જ જરૂરિયાતોનું ધ્યાન રાખતી.

એક દિવસ એક મર્મસ્પર્શી પ્રસંગ બન્યો. આશુ જમવા બેઠો. એણે નિર્મળા કાકીના હાથ તરફ જોયું અને મોટેથી રડવા લાગ્યો, ચીસો પાડવા લાગ્યો. 'હું કાકીમાના હાથનું ખાઇશ નહિ. મારે નથી ખાવું, નથી ખાવું.' આશુનો કકળાટ સાંભળી તેની મા દોડી આવી અને પૂછ્યું 'શું છે? કેમ કકળાટ કરે છે?' આશુએ નિર્મળાની હથેળીઓ તરફ સંકેત કરતાં કહ્યું. 'કાકીમાના હાથ તો દેખ તું!' વાત એમ હતી કે ફક્ત તેરજ વર્ષની નિર્મળાના અતિ મુલાયમ હાથ વાસણ માંજતાં, લૂગડાં ધોતાં, પાણી ભરતાં સદા પાણીમાં ભીંજાયેલા રહેતા. પરિણામે હથેળીઓ કોહી ગઇ હતી અને તેમાંથી પરૂ નીકળતું હતું નિર્મળાએ આ મુશ્કેલી કોઇને કહી ન હતી. ચૂપચાપ વેદના વેઠીને ઘરનું કામ કર્યા કરતી. એના સડતા હાથ જોઇ એની જેઠાણીએ ખૂબ ઠપકો આપ્યો. દવા–દારુ શરૂ કર્યાં. ત્યારે હાથની પીડા મટી. નિર્મળાના સ્વભાવની એવી ખાસિયત હતી કે એ પોતાની અગવડ, જરૂરિયાત કે ઇચ્છા કદી પ્રગટ કરતી ન હતી. ચૂપચાપ બધું સહન કરી લેતી. વસ્તુ વિના ચલાવી લેતી. માગણીઓની માથાકૂટમાં પડતી ન હતી. 'સબ સ્વીકાર એવું એના મનનું વલણ હતું. બાહ્ય જરૂરિયાતો વિષે એ સદા ઉદાસીન રહેતી. ભૌતિક સુખોની એ ઉપેક્ષા કરતી.



નિર્મળાસુંદરી બહુ ભણેલી ન હતી. શાળાનું શિક્ષણ એણે રીતસર મેળવ્યું ન હતું. પણ અહીં આટપાડા આવ્યા પછી એને વાંચવા લખવાની જરૂર જણાઇ. ઘરમાં કંઇક નોંધવું પણ પડતું, કંઇક વાંચવું પડતું. બાળક આશુની હઠને વશ થઇ એને ભણાવવું પણ પડતું. મેધાવી નિર્મળા એના સારું સજ્જ થઇ ગઇ. બાહ્ય સહાય વિના, પરિણામે એની વાંચવાની મુશ્કેલી ટળી. નોંધવાની અગવડ ગઇ. એના અક્ષર તો મોતીના દાણા જેવા સુંદર થવા લાગ્યા. ઘરનાં સૌ એના નયનરમ્ય અક્ષરોનાં ભારોભાર વખાણ કરવા લાગ્યાં.

એક વખત રેવતીમોહને આશુતોષને કહ્યું. 'તારી કાકીના હસ્તાક્ષર બહુ જ સુંદર છે. તું એની પાસે બેસીને લખવાનું શીખ.' આશુ નિર્મળાસુંદરી પાસે ગયો અને લખવા–લખાવવાની જિદ્ પકડી. તેને બારાખડી શીખવવાનું શરૂ કર્યું. એક દિ' એને લખવાનું શીખવતાં નિર્મળાને અમુક 'ખ્યાલ' આવ્યો. (મા આનંદમયીને અચાનક કોઇ પણ કારણ વગર આત્મસ્ફૂરણા થઇ આવતી તેને મા 'ખ્યાલ' કહેતાં અને તેમને જે 'ખ્યાલ' આવ્યો હોય તે પ્રમાણે જ બનતું.) તે નિર્મળાસુંદરીએ એક સ્લેટ પર લખ્યો. પછી આશુતોષને તે પ્રમાણે તેની પાટીમાં લખવા કહ્યું. એણે તે પ્રમાણે લખ્યું. અને બીજા ઓરડામાં બેઠેલા તેના પિતાને દેખાડવા ગયો. તેને જોઇ રેવતીમોહન બોલ્યા. 'આ તો તેં નહિ પણ તારી કાકીએ લખેલ છે.' તરત આશુ બોલ્યો. 'ના, ના, પિતાજી! આ તો મારા જ અક્ષર છે. મેં લખ્યું છે.' પણ તેમણે તેની વાત ન માની. આશુની સ્લેટ પર લખાયેલા અક્ષર અસલ નિર્મળા જેવા જ હતા. જરાયે ફરક ન હતો. પરંતુ ત્યારબાદ આશુ એવા અક્ષર ફરી કદી લખી શક્યો નહિ.

ભારતના મોટા ભાગના પ્રદેશોમાં વિવાહિત સ્ત્રીઓને શ્વસુર પક્ષના વડીલોની લાજ કાઢવી પડે છે. નિર્મળાસુંદરીને પરિણિત જીવનના પ્રારંભમાં આ શિરસ્તો પાળવો પડયો. સાસરે આવ્યા પછી એ મોટેરાઓની આમન્યા રાખતી, માથે ઓઢતી, લાજ કાઢતી. તેમની પાસેથી પસાર ન થતી. એનામાં સહજ સંકોચ તો હતો જ. ઓછું બોલતી, મોટેથી વાત ન કરતી. સૌ સામે આવીને બેસતી નહિ. વધારે સમય મૌન સેવતી અને વિનય વિવેકથી વરતતી. એ પ્રતિષ્ઠિત ચક્રવર્તી પરિવારની પરંપરા પ્રમાણે સૌને જમાડીને પછી એકલી રસોડામાં જમતી. શું ખાધું, કેટલું ખાધું, ખાધું કે નહિ એના વિષે એક શબ્દેય ઉચ્ચારતી નહિ.

એક દિવસ નિર્મળા એકલી રસોડામાં જમતી હતી ત્યારે એની જેઠાણી કશાક કામ માટે ત્યાં આવ્યાં. અનાયાસે તેમની નજર નિર્મળાની જમવાની થાળી પર પડી. એ તો ડઘાઇ ગયાં! આ શું? થાળીમાં દાળ કે શાક હતું જ નહિ. માત્ર ભાત હતા. તે પાણીમાં ચોળી નિર્મળા જમતી હતી. માંડ સ્વસ્થ થઇ તેમણે નિર્મળાને કારણ પૂછ્યું. તે કંઇ જ ન બોલી. મૌન રહી. જેઠાણી તો દ્રવિત થઇ ગયાં. તેમને લાગી આવ્યું. કહ્યું, 'આવતી કાલથી હું તને એકલી જમવા દઇશ નહિ. હું પણ તારી સાથે જ જમવા બેસીશ.' આટલું કહી એ ચાલ્યાં ગયાં. બીજા દિવસથી નિર્મળા અને જેઠાણી સાથે જમવા લાગ્યાં.

એક દિવસ નિર્મળા તળાવે વાસણ માંજવા ગઇ. વાસણ માંજીને એ ઘેર જવા નીકળી. લાજ કાઢી હતી. રસ્તામાં ભાવા-વેશમાં આવી ગઇ. હાથમાંનાં વાસણ નીચે પડી ગયાં. એક થાળી-નો ખૂણો તૂટી ગયો. ઘરમાં ઠપકો મળવાની બીકે નિર્મળા



ગભરાઇ ગઇ. ધીરે ધીરે એ ઘેર પહોંચી. તે દિવસે તેના પતિ રમણીમોહન ઢાકાથી ઘેર આવ્યા હતા. તેમને એકાંતમાં લઇ જઇ નિર્મળાએ થાળી તૂટવાની વાત કરી. તેમણે કહ્યું. 'ઘરમાં કોઇનેય આ વાત કરીશ નહિ. આજે રાતના મારું ખાવાનું તું એ તૂટેલી થાળીમાં પીરસજે બસ.' એમની એ આજ્ઞાંકિત પત્નીએ માથું હલાવ્યું. રાતે રાબેતા મુજબ રમણીમોહન જમવા બેઠા. તૂટેલી થાળીમાં નિર્મળાએ રસોઇ પીરસી. તે જમ્યા પછી ઊભા થયા. હાથમાં થાળી ઉપાડી અને નીચે પાડી. થાળી પડવાના અવાજથી ઘરનાં સૌ દોડી આવ્યાં. રમણીમોહને કહ્યું. 'મારા હાથમાંથી છટકીને થાળી પડી ગઇ. એનો ખૂણો તૂટી ગયો.' 'કંઇ નહિ,' એમ કહી તેમનાં ભાભી પાછાં કામે વળગ્યાં. નિર્મળા બચી ગઇ. એ કશું બોલી નહિ. રમણીમોહન બહાર ગયા, હાથ ધોયા, લૂછ્યા અને ખાટલા પર આડા પડયા. વાત પતી ગઇ.

બીજે દિવસે સવારે નિર્મળા રમણીમોહનને એકાંતમાં મળી. પૂછ્યું. 'આમ અસત્ય બોલાય? અસત્ય બોલવું ઉચિત ગણાય?' રમણીમોહને ઉત્તર આપ્યો. 'તારી વાત તો ખરી છે. અસત્ય બોલવું એ ઉચિત નથી. ચિંતા ન કર! મેં ભાભીને સાચી વાત જણાવી દીધી છે, નિર્મળા ખુશ થઇ ગઇ. મલકાતી મલકાતી પોતાના કામમાં પરોવાઇ ગઇ. સત્યનું પાલન થયું એ એને મન મોટી વાત હતી.

### પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના

# ૫૧ મા વર્ષ નિમિત્તે કાર્યક્રમ

પરમ પૂ. મા શ્રી સર્વેશ્વરી પોતાનાં ૫૦ વર્ષ પૂરાં કરી એકાવનમાં પ્રવેશ કરી રહ્યાં છે. તે પ્રસંગે, તેમ જ સંવત ૨૦૫૦ ના નૂતન વર્ષના પ્રારંભે તેઓશ્રી તા. ૧૮ નવેમ્બર ૧૯૯૩ ને લાભ પાંચમના દિવસે સાધક–ભાઈબહેનોને દર્શન આપશે. આ નિમિત્તે એક ખાસ કાર્યક્રમનું આયોજન વડોદરા ખાતે પૂ. મા–પ્રભુના પ્રેમીભક્ત શ્રી જીતુભાઇ ગાંધીના પરિવાર તરફથી કરવામાં આવ્યું છે. તે પ્રસંગે પૂ. માના કંઠે ગવાયેલ પ. પૂ. શ્રી યોગેશ્વરજી રચિત સરલ ગીતા (શ્રીમદ્ ભગવદ્ ગીતાનો કાવ્યાનુવાદ), કેસેટ-નો ક્રમાંક ૪૧ થી ૪૫, વિષ્ણુ સહસ્ર (મૂળનો ગુજરાતી કાવ્યમાં અનુવાદ) ક્રમાંક ૪૬, બાળગીતો, હિંદીભજનો, સનાતન સંગીત અને સુમિરત (હિંદી ભજનો) અનુક્રમે ૪૭ થી ૫૦ વગેરે ૧૦ કેસેટોના બીજા સેટનું વિમોચન થશે. પહેલા સેટની ૧૧ કેસેટો પણ ત્યારે વેચાતી મળી શકશે. કેસેટોના એક સેટની રાહત દરે કિમ્મત રૂા. ૧૬૦ રાખવામાં આવી છે.

કાર્યક્રમ સવારના ૯.૩૦ થી ૧૨.૩૦ નો રહેશે. તેમાં પ્રાર્થના, ધ્યાન ઉપરાંત મા–પ્રભુનું પૂજન, કેસેટોનું વિમોચન પ. પૂ. યોગેશ્વરજીના જીવનના પ્રેરક પ્રસંગોનું નાટયરૂપાંતર, સાધકોનું ઉદ્બોધન. તેમ જ પૂ. માનાં આશીર્વચનનો સમાવેશ થશે.

અન્તમાં આયોજક પરિવાર તરફથી ભોજનનો પ્રબંધ કરવા-માં આવનાર છે. કાર્યક્રમનું સ્થળ શ્રી જીતુભાઇ ગાંધી, ૫૫, અરૂણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા–૫ છે. – તંત્રી



# પત્ર–પ્રસાદી

[આ પત્ર શ્રી ઈશ્વરભાઇ ભક્ત (પરમાર્થી) એ અમેરિકાથી પૂ. મા ભારત પધાર્યાં ત્યારે લખ્યો છે. તે સહુ સાધકોને પ્રેરક હોવાથી અહીં પ્રકાશિત કર્યો છે. –તંત્રી]

**પ. પૂ. જગદંબા સ્વરૂપ મા,**

તમારાં ચરણોમાં લક્ષ કોટિ સાષ્ટાંગ પ્રણામ. તમે કુશળતા-પૂર્વક દેશમાં પહોંચી ગયા અને ગુપ્તપણે રહી આરામની, સુવિધા ઉભી કરી તે જાણી ખૂબ આનંદ થયો. ગુપ્તતા ન રહે તો તમને ઘડીનો પણ આરામ નથી મળતો તે મેં અહીં બે દિવસમાં જોયું છે. તમે જે રીતે પ્રભુના કાર્યને જીવંત બનાવવા દિવસરાત એક કરીને અથાગ મહેનત કરી રહ્યાં છો તે રીતે વિચારતાં તમને શારીરિક રીતે આરામ તો માત્ર એકાંતવાસ અને મૌન દ્વારા જ મળી શકે છે, તે મને બરાબર સમજાયું છે. ભક્ત સમુદાયે તમારો વધારેમાં વધારે લાભ લેવો હશે તો તમારી ઉપરામદશાને સમજવી પડશે. તમારી સ્થૂળ કાયાને આરામની આવશ્યકતા રહે છે તે હકીકત ભક્તગણે સ્વીકારવી પડશે. ભક્તગણે સહકારી થવા નિજીસ્વાર્થ પણ ભૂલવો પડશે અને પોતાની સાંસારિક પંચાત તમારી સમક્ષ ભૂલથી પણ ન રજૂ થઇ જાય, તેની તકેદારી રાખવી પડશે. તો જ તમે પ્રભુનાં કાર્યો કરતાં કરતાં અમને મદદ-રૂપ થઇ શકશો. નહીં તો તમારી ઉપરામ દશા તીવ્રતમ બની જશે તો અમે તમારાં દર્શન પણ ન કરી શકીશું, તે અમારે માટે મોટી સજારૂપ ગણાશે. અમે પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે પ્રભુ, ભક્તગણના મનને અનુકૂળ થવાની પ્રેરણા પૂરી પાડજો! અમારા

માનાં અમે લાંબા સમય સુધી દર્શન કરી શકીએ તેમ જ સાંન્નિધ્યમાં બેસી આરા જીવનને ઉજ્જ્વળ બનાવી શકીએ તેવું વર્તન કરવાની અમને વારંવાર બુદ્ધિ–શક્તિ દેતા રહેજો!

તમે દેશમાં જતી વખતે આપેલી આજ્ઞા અનુસાર અને બીજે દિવસે ગુરુમાઇનાં અને સ્વામી રામના આશ્રમે ગયા હતા. ગુરુમાઇનો આશ્રમ વિશાળ પાયા પર કાર્યરત થયો જણાયો. ઘણી મોટી સંખ્યામાં અહીંના લોકો–અમેરિકન લોકો–લાભ લેવા આવતા હતા. અદ્યતન જમાનાની તમામ સુવિધાઓ સાથે આ આશ્રમ સજ્જ જણાયો. અમે આશ્રમનું ભાણું જમ્યા હતા અને જમીને ત્યાંથી સ્વામી રામના આશ્રમે ગયા હતા. સ્વામી રામ માટે મારા હૃદયમાં અહોભાવ હતો. તેમનું સાહિત્ય મેં સારી રીતે વાંચ્યું હતું, અને સ્વામી રામની મહાનતાનો મને આંતરિક રીતે પરિચય થઇ ગયો હતો. એટલે સ્વામી રામનાં દર્શન કરીને મારા હૃદયે અપૂર્વ આનંદ અનુભવ્યો હતો. અમને માથા પર વરદ હસ્ત રાખીને આશીર્વાદ પણ આપ્યા હતા, તે અમારાથી કદી ભૂલી શકાશે નહીં. શ્રી નરેન્દ્રભાઇ અને ધીરજબહેન પણ આખો દિવસ અમારી સાથે ફર્યાં હતાં, અને તેમનો માયાળુ સ્વભાવ અમને આકર્ષી ગયો હતો. તેઓ બંને સંતપ્રેમી હતાં. સત્સંગના પ્રેમી હતાં. અમારી પાસેથી સત્સંગની વાતો સાંભળીને તેમણે સંતોષ પણ વ્યક્ત કર્યો હતો.

ત્યારપછીના બીજે દિવસે શ્રી સન્મુખભાઇ ભક્ત (અલેકપોટ-વાળા) ન્યુજર્સીમાં સત્સંગ સભાનું આયોજન કર્યું હતું. આશરે સો જેટલા ભાઇબહેનોએ હાજરી આપી હતી અને સત્સંગની વાતો સાંભળીને અભિભૂત થયા હતા. તમને સહુએ ખૂબ જ યાદ કર્યાં હતાં. આ રીતે તમે ગયા પછી અમે ધીરે ધીરે સત્સંગની વાતો



કરતા કરતા યાત્રા કરી રહ્યા છીએ અને મા–પ્રભુની વાતો જેમ બને તેમ વધારે લોકો સુધી પહોંચે તેની કાળજી પણ રાખીએ છીએ. તમે આપેલી શુભાશિષ ફળે તેવી પ્રાર્થના સાથે સેવક પરમાર્થીના જય યોગેશ્વર.

**પંદરમી ઓગસ્ટ માટેનો સંદેશો**

**પ્રિય આત્મબંધુઓ,**

પૂજ્ય યોગેશ્વરજીના પ્રાગટયને આજે બરાબર બોંત્તેર વર્ષ પૂર્ણ થયાં. છેલ્લાં બોત્તેર વર્ષોમાં મા જગદમ્બાએ પૂજ્યશ્રીના આવિર્ભાવની માત્ર નોંધ નથી લીધી, પણ પરમશક્તિ સ્વરૂપ આંદોલનના પ્રચંડ મોજાંઓને ઝીલવા સતત પ્રયત્ન કર્યો છે. માત્ર સાડા ચાર હાથના માનવીમાં કેટલી પ્રચંડ શક્તિ હોય છે તેનું સર્વોત્તમ ઉદાહરણ એ દ્વારા મા જગદમ્બાએ પૂરું પાડયું છે. સર્વોત્તમ એટલા માટે કે મા જગદમ્બાએ લાલચ તરીકે ધરેલી સિદ્ધિઓથી તેઓ સ્હેજ પણ લલચાયા નહોતા! આખરે સાક્ષાત્ જગદમ્બાએ જ પ્રત્યક્ષ સ્વરૂપે સતત અનુસંધાન અર્પવા પ્રગટ થવું પડયું હતું, તેનો સોનેરી ઇતિહાસ આ જગત કદી ભૂલશે નહીં. હિમાલયના શિખરો સદૈવ ઉન્નત મસ્તકે આ જગતને કહ્યાં કરશે કે એક ભારતીય માનવી અશક્યને પણ શક્ય બનાવી શકે તેટલું સામર્થ્ય ધરાવે છે. હિમાલયની પ્રત્યેક કંદરાઓ એક જ પ્રતિઘોષથી પડઘાતી રહેશે કે સાધનાના યજ્ઞદ્વારા સામાન્ય માનવી પણ મહામાનવની પદવી પ્રાપ્ત કરી શકે છે. ખરેખર, પૂજ્યશ્રીએ આપણા વેદકાલીન ઋષિમુનિઓનું ગૌરવ વધાર્યું છે, શાસ્ત્ર ગ્રંથોના રચયિતાઓનું સન્માન વધાર્યું છે અને અનંત કાળસુધી પ્રેરણાનું ભાથું પ્રાપ્ત થયા કરે એવું અમૂલ્ય સાહિત્ય ગૂર્જર-ભાષામાં પીરસી, સમસ્ત ગુજરાતની પ્રજાની શોભા વધારી છે.

આપણે સૌ તેવા મહાપુરુષની છાયામાં બેસી શક્યા છીએ તે આપણું સદ્દભાગ્ય લેખાય. આપણે તેમની શ્રાવણીમાંથી થોડું પણ અમૃત અંતરથી ગ્રહણ કરીશું અને તેનું યથોચિત પાલન કરી જીવનને ઉન્નત બનાવવા પ્રયત્ન કરીશું તો તેમનું આપણે સાચું તર્પણ કરી રહ્યા છીએ તેવું મનાશે.

પૂજ્યશ્રીએ જેની સાધના કરી હતી તે પરમ કરુણામયી જગદમ્બાનું સાકાર સ્વરૂપ મા સર્વેશ્વરીમાં જ કાર્યરત છે તેવો અનુભવ આપણે સૌ કરી રહ્યા છીએ. તેથી આપણી સહુની જવાબદારી વધી છે, તે યાદ કરાવવાની મારી ફરજ આજના પ્રસંગે અદા કરવાની ધૃષ્ટતા કરું છું, તો ક્ષમા કરજો. મા સર્વેશ્વરીની કઠોરતમ કપરી સાધનાના આપણે સૌ સાક્ષી બન્યા છીએ તે આપણું સદ્દભાગ્ય ગણાય. પરંતુ તેટલાથી જ સંતોષ માનીને બેસી રહેવાથી આપણું કોઇનું કલ્યાણ થશે નહીં એવું મારું નમ્ર માનવું છે. પ્રત્યેક સાધક પોતાના સત્ત્વને સંસ્કારશે નહીં, સદ્દગુણોની વૃદ્ધિ કરવા પ્રયત્નશીલ થશે નહીં, અંતરના અંતરતમમાં જરૂરી પરિવર્તન કરવા તૈયાર રહેશે નહીં, તો પરમ કરુણામયી માની કૃપા માટે આપણે કેવી રીતે પાત્ર ગણાઇશું? કૃપાની અમીવર્ષા ઝીલવા માટે ક્ષમતા તો વધારવી જ પડશે ને? ક્યાં સુધી નિજી સ્વાર્થમાં ડૂબીને સંસારની સમસ્યાઓ તેમને આપણે સંભળાવ્યા કરીશું? ક્યાં સુધી પારસમણિને પથ્થર ગણીને પૂજીશું? પારસમણિના સ્પર્શથી જ લોઢું તો સુવર્ણમાં પરિવર્તિત થઇ જતું હોય છે, આપણામાં કાંઇ પરિવર્તન થયું છે ખરું? સૌ સાધક ભાઇબ્હેન પોતાના અંતરને પૂછે અને પોતાની ત્રુટિઓ શોધી કાઢશે તો પૂ. માની પ્રસન્નતા પ્રાપ્ત કરવામાં તે ઉપયોગી થઇ પડશે. પ્રભુ પરાયણતા વધે તો પૂ. મા અત્યંત પ્રસન્ન બનશે.



તો જ પૂ. મા પોતાની પરમ ઉપરામ દશામાંથી આપણા તરફ પાછાં વળશે! નહીં તો આપણે તેમનું દર્શન પણ ન કરી શકીએ તેવી આકરી સજાને પામીશું તે શું યોગ્ય ગણાશે?

ફરીથી સૌને મારા નમસ્કાર અને વિનંતિ કે પૂ. માની સાચી પૂજા તો પ્રભુ પરાયણતા વધારવામાં જ રહેલી છે તે સત્ય સૌ કોઇ સમજવા પ્રયત્ન કરે.

લી. આપનો સેવક

**પરમાર્થી**

O


બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગજ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ.

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

# પૂ. શ્રી યોગેશ્વરજીને પ્રેમાંજલિ !

શ્રી સુરેશભાઈ શાહ

[૧૫–૮–'૨૧ : ૧૪–૩–'૮૪]

* **સરોડાનંદન** પૂ. શ્રી કે જેમની સિદ્ધિઓનો પાર નથી. છતાં એ બધી સિદ્ધિઓ કરતાં મહાન છો એવા તમને અમારી ભાવભરી અંજલિ !

* **સાબરમતીના સંત** કે જેમણે બધું જ આપી દીધું છે અને તેમ છતાં કદી પાછું વાળીને જોયું નહીં, જેમણે સૌ પર પ્રેમ કર્યો અને બદલાની આશા રાખી નહીં એવા તમને અમારી કૃતજ્ઞતા !

* **દેવપ્રયાગના દેવપુરુષ** કે જેમણે માણસના દોષો ન જોયા, પણ એની અભીપ્સા જોઈ એનું મૂલ્ય આંક્યું એવા તમને અમારા હાર્દિક નમસ્કાર !

* **મા જગદંબાના કૃપાપાત્ર** કે જેમના સાહિત્યથી આધ્યાત્મિક પંથે પ્રયાણ કરતા સાધકોને પ્રેરણાનાં પિયુષ પાયાં તેવા યુગપુરુષ યોગેશ્વરજીને અમારી મૂક અભ્યર્થના !

* **હિમાલયના તપસ્વી** કે જેમની વિનમ્રતા અંદરની શક્તિ-માંથી ઉદ્ભવેલી હતી, અને પારદર્શક સચ્ચાઈ તથા જીવંત સત્ય-માંથી ઉદ્ભવેલી શક્તિ એ જ જેમની શક્તિ હતી, તેવા તમને અમારી આર્દ્ર પ્રાર્થનાઓ !

* જેમની પાસે પોતાનું કંઈ હતું નહિ, જે સાવ અકિંચન હતા, અને છતાં જે માનવીઓમાં રાજાધિરાજ હતા એવા તમને અમારી પુષ્પાંજલિ !



* જેમના સ્નેહ, ઔદાર્ય, તપશ્ચર્યા, ભક્તિ અને જ્ઞાનનો કોઈ પાર નથી તેવા પૂ. યોગેશ્વરજીને અમારા હૃદયની ભક્તિ સમર્પણ !

* પ્રેમનું નાણું અને શ્રદ્ધાનું શ્રીફળ સ્વીકારનાર, પૂ. યોગેશ્વરજી કે જેમનું જીવન જ કવન હતું, તેવા તમને અમારી પ્રેમાંજલિ !

* સાચા, સમર્થ, સદ્ગુરુને તેમના જન્મદિવસે બીજું શું અર્પણ કરી શકીએ આજે યોગાનુયોગ શ્રી રામકૃષ્ણદેવનો સમાધિ દિન છે. સૂર્ય અને ચંદ્રની જેમ તેજ અને શીતળતા આપતા આધ્યાત્મિક જગતના એ બંને મહાપુરુષોને અમારી પ્રેમાંજલિ. પૂ. માને કોટિપ્રણામ. યુગકાર્યમાં પૂ. માનો ફાળો અભિનંદનીય અને અનુપમ છે.

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.

### કપૂરાના અખિલ પ્રાર્થના મંદિરનો

# ઉદ્‌ઘાટન સમારંભ

ગોરધનભાઈ કલોલા

આજે તા. ૨૧ સપ્ટે '૯૩ નો સૂર્યોદય કપૂરાની પાવન ધરતીના સંસ્કારધનને દીપાવતા વારસાનો સાક્ષી બની ગયો.

પૂ. કાલીદાસ કાકા એ કપૂરાના સંસ્કારધન સમા હતા. આ નાનકડા ગામમાં રહીને તેમણે સંસ્કારની જે જ્યોત જલાવી તેનો પ્રકાશ દેશ-વિદેશ સુધી વિસ્તર્યો છે. પૂ. બાપુજીના આ સંસ્કાર વારસાને તેમનાં સંતાનોએ જાળવી રાખ્યો છે. આજે એ સંસ્કાર વારસાનો નાનકડો દીપ તેમના સંતાનોએ અહીં કપૂરાની ધરતી-પર પ્રકટાવ્યો છે. શ્રી વામનભાઈ તથા વિઠ્ઠલભાઈના સુપુત્ર ભાસ્કરભાઈના દાનથી અહીં પ્રાથમિક શાળાના બાળકો માટે સાડા નવ લાખના ખર્ચે વિશાળ કલાત્મક અને સુંદર ભીંતચિત્રોથી સુશોભિત પ્રાર્થના હોલ બંધાવ્યો છે. તે હોલના ઉદ્‌ઘાટનનો આજે શુભ દિવસ છે. આ પાવન પ્રસંગે 'પૂ. મા વડોદરાથી નાદુરસ્ત તબિયત છતાં ખાસ પધાર્યાં છે. આ ઉપરાંત સુરત જીલ્લાના રાજકીય અગ્રણીઓ, સમાજ સેવકો તેમ જ પૂ. કાલીદાસ કાકાનો બહોળો સંસ્કાર પરિવાર પોતાના હૃદયમાં પૂ. કાકા પ્રત્યેની આદરની લાગણીઓ વ્યક્ત કરવા હાજર રહ્યો છે.

આ ઉદ્‌ઘાટન સમારંભ બીજા ઔપચારિક સમારંભ જેવો ન હતો. અહીં એક અનેરો ઉત્સાહ હતો, ઉમંગ હતો, જે અંતરમાંથી આપોઆપ જ વહેવા માંડે તેવા દિવ્યભાવોની સરિતા જેવો હતો.



આપણે ભલે આને હોલનો ઉદ્‌ઘાટન સમારંભ કહીએ પરંતુ તે સાચા અર્થમાં તે સંસ્કારની સંસ્કૃતિની સનાતન સરિતાના સાક્ષી સમો સમારંભ હતો. સંસ્કારના આદાન-પ્રદાનનો આ એક વિશિષ્ટ કાર્યક્રમ હતો. સૌને તેનો અનેરો આનંદ હતો.

પ્રાર્થના પણ કેટલી પ્રસંગને અનુરૂપ હતી!

દાન દે વરદાન દે, પ્રભુ! દાન દે વરદાન દે.

કેટલી સરસ છે અંતરના ભાવોની અભિવ્યક્તિ! પ્રભુ! તું અમને સમૃદ્ધિ આપજે પણ ખાલી સમૃદ્ધિ જ નહીં પણ સંસ્કારથી સંપન્ન સમૃદ્ધિ આપજે. જેથી તારું આ વરદાન અમારો આત્મિક ઉત્કર્ષ સાધે.

પૂ. કાલીદાસ કાકા ખરેખર સંસ્કારવડ સમા હતા. એ વિશાળ વડલાની છાયામાં અનેકને આશરો મળ્યો. માનવ પંખીડાઓને સંસ્કારનું પોષણ મળ્યું. પૂ. કાકાની સંસ્કાર સુગંધ ક્યાં સુધી પ્રસરી હતી તેનો પ્રતિભાવ આ સમારંભમાં માણવા મળ્યો. જેમને જેમને એ પોષણ મળ્યું હતું તેઓ સૌ આજે પોતાનો આદરભાવ વ્યક્ત કરવા આવી પહોંચ્યા હતા. ભલે આ કાર્યક્રમમાં રાજકીય અગ્રણીઓ આવ્યા હતા, પરંતુ અહીં તેઓ કોઈ રાજકારણ લઈને આવ્યા ન હતા. એ અગ્રણીઓ પણ પૂ. કાકા તરફથી મળેલા સંસ્કારોનો જ પ્રતિઘોષ પાડવા આવ્યા હતા!

સૌના અંતર પૂ. કાકા પ્રત્યેના આદરથી ભીનાં થયેલાં છે. પૂ. કાકાએ આ સ્થાનમાં બેસીને દેશસેવાની ધૂણી ધખાવી છે, સમાજસેવાની અહાલેક જગાવી છે, ગ્રામોત્થાનના કાર્યક્રમને વેગ આપ્યો છે. સમાજના દરેક સ્તરના લોકોને પૂ. કાકાએ એક સરખા જ આદરભાવથી ચાહ્યા છે. ખાસ કરીને આ વિસ્તારના

આદિવાસીઓની તેમણે તન, મન અને ધનથી ભારે નિષ્ઠાપૂર્વક સેવા કરી છે. રાજકીય, સામાજિક તેમ જ શૈક્ષણિક પ્રવૃત્તિઓના આ વિસ્તારના પ્રણેતા હતા. આ નાનકડા સમૃદ્ધ ગામડામાંથી અનેક વિદ્યાર્થીઓ વિશ્વના જુદા જુદા દેશોમાં ફરી વળ્યા છે. આર્થિક તેમ જ સંસ્કારોથી સમૃદ્ધ થઇને આજે તેઓ પોતાનો વારસો દીપાવી રહ્યા છે.

પૂ. કાકા જે સંસ્કારધનની જાળવણી માટે જીવનભર ઝઝુમ્યા તે સંસ્કારધનને તેના કૌટુંબિક વારસદારોએ ખરેખર સાચવ્યું છે, અને દિપાવ્યું છે. પોતા પાસે જે કંઇ છે તે સમાજનાં સૌ વર્ગોને ઉપયોગી થાય, સૌ તેનો લાભ મેળવતાં થાય તે માટે તેઓ સજાગ છે. આ પ્રાર્થના હોલ બંધાવીને સમાજની ઉગતી પેઢીને અર્પણ કર્યો છે, વિદ્યાર્થીઓની અનેક સંસ્કાર પોષક પ્રવૃત્તિઓનું તે કેન્દ્ર બનશે તેમાં કોઇ શંકાને સ્થાન નથી. શ્રી વામનભાઇ તથા ભાસ્કરભાઇ આટલેથી અટકવા માગતા નથી. પરંતુ ભવિષ્યમાં થનારા અનેક સમાજોપયોગી કાર્યોમાં પણ તેઓ સહભાગી થવા ઇચ્છે છે. પૂ. માએ તો આ માટે આ સભામાં જ પોતા તરફથી દાનની જાહેરાત કરી જ દીધી છે.

આ સભામાં પધારેલા સૌ અગ્રણીઓએ પૂ. કાકાના વિવિધ પાસાઓને યાદ કરી તેમને યોગ્ય સ્મરણાંજલિ આપી છે. પૂ. માએ પૂ. બાપુજીની પુણ્ય સ્મૃતિને યાદ કરતા કહ્યું, "અમને આ ભક્ત કુટુંબમાં જન્મ મળ્યો તે બદલ ગૌરવ અનુભવીએ છીએ. પૂ. બાપુજીએ અમારામાં સંસ્કાર સિંચન માટે ભારે જહેમત ઉઠાવી હતી. આજે અમે સૌ તેમની આ જહેમતના ફળ ભોગવી રહ્યાં છીએ.



અમારા પિતાજી હાલતી ચાલતી સંસ્થા જેવા હતા. આજે પૂ. બાપુજી વિષે અહીં પધારેલા વડીલોએ જે વાતો કરી છે તે બતાવે છે કે તેઓ ખરેખર સંસ્કારવડ સમા હતા. અમારા ઈશ્વરપંથ ગમનમાં તેમણે અમને બાર પાનાનો પત્ર લખીને સુંદર માર્ગ-દર્શન આપ્યું હતું. અમારા અધ્યાત્મ માર્ગે તેઓ ક્યારેય અડચણ-રૂપ થયા ન હતા. પૂ. બાપુજીએ અમને જે સંસ્કારધન આપ્યું છે તેને અમે જાળવીએ અને વધુને વધુ વિસ્તારીએ એવું બળ અમે આજે માગીએ છીએ.

હજુ પણ કપૂરાના વિકાસ માટે અમારા તરફથી દાન મળતું રહે તેવી અમારી ઇચ્છા છે. પૂ. બાપુજીની સ્મૃતિમાં એક સ્મૃતિગ્રંથ બહાર પાડવાની પણ અમારી ઇચ્છા છે. પૂ. બાપુજીના આદર્શ સ્વપ્નનું આદર્શગામ કપૂરા બને તે માટે અમારા પ્રયાસો ચાલુ રહેશે. એમણે શરૂ કરેલી સેવાપ્રવૃત્તિઓ સતત ચાલુ રહે તે માટે અમે સૌ ગ્રામજનોનો સહકાર માગીએ છીએ. તેમની પાવનસ્મૃતિઓનું સ્મરણ કરતાં અમે વિરમીએ છીએ."

શ્રી ભાસ્કરભાઇએ પૂ. દાદાની પ્રેમભરી યાદોને યાદ કરતાં કહ્યું, "મારા પૂ. દાદાની સંસ્કાર સ્મૃતિઓને વાગોળવા આપ આજે આટલી મોટી સંખ્યામાં પધાર્યા છો તેથી આપ સૌનો હું આભારી છું. હું અને મારી બહેન સ્મિતા પરદેશમાં જનમ્યાં પરંતુ કપૂરા માટેનું અમારું આકર્ષણનું કેન્દ્રબિંદુ મારા પૂ. દાદા હતા. મારા દાદા સાથે મારે મજબૂત નાતો બંધાયો હતો. છેલ્લે મારા દાદા અમેરીકા પધાર્યા હતા અને મારા આંગણેથી જ તેમણે આ જગતમાંથી અંતિમ વિદાય લીધી હતી. મારા પિતાજી શ્રી વિઠ્ઠલ-ભાઇને પણ ઝાંબીયામાં રહેતા હોવા છતાં મારે આંગણેથી વિદાય આપવી પડી તે મારા માટે ભારે આઘાતજનક બનાવો હતાં.

તેમના અસ્થિવિસર્જન માટે ભારત આવ્યો ત્યારે તેમની પાવન સ્મૃતિમાં કપૂરામાં પ્રાર્થના હોલ બંધાય તેવી ઇચ્છા વ્યક્ત કરી હતી. આજે એ ઇચ્છા સાકાર થતાં મને ખૂબ જ હાર્દિક આનંદ થાય છે. તમે સૌ આટલી મોટી સંખ્યામાં આ શુભપ્રસંગે પધાર્યાં છો તે મારા પૂ. દાદા અને પૂ. પિતાજી તરફ કેટલો આદરભાવ છે તે બતાવે છે. મારા પૂ. પિતાજી મોટા રોટેરીયન હતા. તેઓ અનેક સેવાની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા. ઓસ્ટ્રેલીયામાં રોટરી-ક્લબ તેમની સ્મૃતિમાં કોમ્પ્યુટર રૂમ બાંધવાની છે. આ તેમની સેવાનું સન્માન છે. મારા પૂ. દાદાને કપૂરા ખૂબ વહાલું હતું, શિક્ષણપ્રત્યે પણ રૂચિ હતી તેથી મારા સંસ્કારદાતા સ્વજનોની સ્મૃતિમાં આ હોલ બંધાવ્યો છે. આ શુભ પ્રવૃત્તિમાં આપ સૌના સહકાર બદલ આભાર માનું છું."

આ શુભ ઉદ્ઘાટન પ્રસંગ ખૂબ જ આનંદદાયક અને સફળ રહ્યો. બાળાઓએ ભક્તિગીતો અભિનય સાથે રજુ કર્યા તેથી વાતાવરણ સાત્ત્વિકતાથી શોભી ઉઠયું હતું. સૌ શ્રોતાઓએ પણ પોતાના આંગણે આ પાવન કાર્યક્રમની સુગંધ માણી. સૌ ખૂબ જ આદરયુક્ત શિસ્તથી વર્ત્યા. કપૂરાની આતિથ્યભાવનાથી કોઇ વંચિત કેવી રીતે રહી શકે? કાર્યક્રમના અંતે સૌને મધુર ભોજન-થી તૃપ્ત કરવામાં આવ્યા આ પ્રસંગે પૂ. મા તરફથી શાળાના દરેક બાળકને સ્ટીલની થાળી ભેટ આપવામાં આવી હતી. આ ગામના સરપંચ શ્રી રમેશભાઇએ આભારદર્શન કરી આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ સૌનો આભાર માન્યો. કાર્યક્રમનું સંચાલન શ્રી ધીરુભાઇ ભક્તે પોતાની આગવી શૈલીથી કર્યું. આ કાર્યક્રમને સફળ બનાવવા આ ગામની વિકાસ પ્રવૃત્તિઓના પ્રણેતા સમા શ્રી હસુભાઇએ મુખ્ય ફાળો આપ્યો.



એક નિષ્ઠાવાન સંસ્કાર શિલ્પીના સર્જનના ફલનો રસાસ્વાદ આ સંસ્કાર મેળામાં પધારેલા સૌને માણવા મળ્યો. એ સંસ્કાર-દાતાની પુણ્યસ્મરણના પ્રસંગને અનુરૂપ પૂ. માએ સ્વરચિત ભજન સંભળાવ્યું.–

* વંદના *

વંદન શતશત કરીએ ચરણે,
માતપિતા બંધુ હે તમને.
પવિત્ર જીવન જીવીને આપે
અજવાળ્યાં છે અમને,
મહાભાગ્યથી પામ્યા તમને
કૃતકૃત્ય કર્યા અમને.
—વંદન શતશત.

સુગંધિત સેવાની દીક્ષા,
જન સમાજને ધરતા,
ધર્મતણા સંસ્કારો ધરીને,
પગદંડી તમે બનતા. —વંદન શતશત.

સત્કર્મતણી પ્રેરણા ધરજો,
કાયમ કાજ અમને,
નામ તમારું ઉજ્જ્વળ કરવા
શક્તિ ધરજો અમને. —વંદન શતશત.

અખિલ પ્રાર્થના મંદિર આજે
મંગલ ઉત્સવ ઉજવે,

બાળ જગત નિત પ્રાર્થના કરીને
વંદન કરશે તમને. –વંદન શતશત.

સર્વેશ્વરી કર જોડી પ્રાર્થે,
પરમ શાંતિ મળો તમને,
અપરાધોને ક્ષમા કરીને
આશિષ ધરજો અમને. –વંદન શતશત.

મા સર્વેશ્વરી

## * ચૂંટેલાં પુષ્પો *

જેનું જીવન કેવળ ઈશ્વર માટે છે, તે કદાપિ સંગ્રહ ન કરે.

* * *

સ્વભાવ અતિશય ઠંડો રાખો.

* * *

જીભ સુધરે તો જીવન સુધરે, જીભ બગડે તો જીવન બગડે.

* * *

ચોરી અને વ્યભિચાર બન્ને મહાપાપ ગણ્યાં છે, આ પાપ સગો ભાઈ કરે તો તેનો સંગ પણ છોડી દેજો.

* * *

કોઈ જીવનો તિરસ્કાર ન કરવો પણ તેના પાપનો તિરસ્કાર કરવો.

* * *

તપનું પહેલું અંગ છે જીભ ઉપર અંકુશ.

* * *

વિધિપૂર્વક ઉપવાસ કરવાથી પાપ બળે છે.

— શ્રી ડોંગરેજી મહારાજ.



# રામકથા

( ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'કારણ?'

'મને ઊર્મિલાનું સ્મરણ થાય છે તે તને કદાચ આશ્ચર્યકારક લાગશે, પરંતુ એમાં આશ્ચર્ય જેવું કશું જ નથી. ઊર્મિલાનું સ્મરણ મારી અત્યારની મનોદશા સાથે સુસંગત છે. તને કદાચ એવું થશે કે સીતાના વિયોગથી વ્યથિત થયેલા મારા મનમાં એકાએક ઊર્મિલાનું સ્મરણ કેવી રીતે થઈ આવ્યું, પણ એનું સ્મરણ શા માટે ના થાય? હું સીતાના વિરહથી વ્યથિત છું તો ઊર્મિલા તારા વિરહથી વ્યથિત હશે. મને સીતાને માટે આટલી બધી વેદના થાય છે તો ઊર્મિલાને તારા વિરહની કેવી વ્યથા થતી હશે? એને તારો વિરહ કેટલો બધો સાલતો હશે? એનો તારે માટેનો પ્રેમ જરા પણ ઓછો નથી, અને વધુમાં એ તો સુકુમારી છે. એનું અંતર એના નામ પ્રમાણે અત્યંત ઊર્મિમય તેમ જ કોમળ છે. એ એના દિવસો કેવી રીતે પસાર કરતી હશે? સીતાના વિયોગને હજુ તો થોડા દિવસો થયા છે છતાં પણ મારું અંતર આટલું બધું અસ્વસ્થ છે તો પછી આટલા બધા લાંબા વખતથી તારા વિયોગનો અનુભવ કરનારી ઊર્મિલા પોતાનો સમય કેવી રીતે પસાર કરતી હશે? એને કેવી લાગણી થતી હશે?'

લક્ષ્મણનું મન ફરી પાછું ઊર્મિલા પાસે પહોંચી ગયું.

શુભ્રવસના, ગૌરવદના ઊર્મિલાની આકર્ષક આકૃતિ એની આંખ આગળ આવીને રમવા લાગી.

'લાગણી તો થાય જ ને?' એણે કહ્યું : 'માણસ તદ્દન જડ હોય કે પછી પરમહંસ હોય તો લાગણીનો અનુભવ ના કરે, બાકી બીજા બધાને તો લાગણી થાય જ. હા, એનું પ્રમાણ ઓછું વત્તું હોઈ શકે ખરું.'

'તદ્દન જડ હોય તેને લાગણી ના થાય પણ પરમહંસ કાંઇ લાગણીથી રહિત ના હોય. એને લાગણી જરૂર થાય, પરંતુ એ લાગણીને વશ કે લાગણીથી વિવશ ના થાય પણ લાગણી પર એનો અંકુશ હોય એટલું જ.'

'ઊર્મિલાને બીજા બધાની જેમ હૃદય તો છે જ, લાગણી પણ છે, પરંતુ એનું હૃદય પરમહંસ જેવું હોવાથી એને એ પહેલેથી જ કાબૂમાં રાખીને પોતાના વ્યક્તિગત સુખનું સમજપૂર્વક સમર્પણ કરી શકી છે. એ સમર્પણ એને સાલ્યું નથી, અને એના સ્વભાવમાં એવું ભળી ગયું છે કે પોતે કોઇ સમર્પણ કર્યું છે, એવું પણ એને નથી લાગ્યું.'

'સાચું છે.' રામ બોલી ઊઠયા : 'એ દૃષ્ટિએ જોતાં ઊર્મિલાની યોગ્યતા ઘણી જ ઊંચી. મારા તથા સીતાના ત્યાગ કરતાં એનો ત્યાગ જરા પણ ઉતરતો નથી લાગતો, બલ્કે ચઢિયાતો લાગે છે એવું કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી થતી. તને પણ એટલો જ ધન્યવાદ ઘટે છે, લક્ષ્મણ! સીતા વિનાનું જીવન મને એકદમ અકારું લાગે છે અને સીતા વિનાની ક્ષણ યુગ જેવી લાંબી અને આપત્તિજનક ભાસે છે, પરંતુ તું પણ ઊર્મિલાથી દૂર છે તો પણ કેવો સ્વસ્થ, શાંત અને પ્રસન્ન રહી શકે છે? સીતાના હરણ પછી કોણ જાણે કેમ પણ મને તારે તથા ઊર્મિલાને માટે વિશેષ સહાનુભૂતિ થઇ આવે છે.'

લક્ષ્મણે કહ્યું : 'તમારી સહાનુભૂતિ માટે તમારો ઋણી છું. બાકી સીતાના હરણ પછી તેને માટે તમારા પ્રાણમાંથી જે પ્રેમ પ્રવાહ પ્રકટી નીકળ્યો છે તે જોઇને મારું હૃદય સ્તબ્ધ થઇ જાય છે. એ પ્રેમની હું કદર કરું છું, અને એને માટે સહાનુભૂતિ ધરું છું.'

## હનુમાનનો મેળાપ

પંપા સરોવરથી આગળ વધતી વખતે રામે લક્ષ્મણને ઉદ્દેશીને એકવાર ફરી કહ્યું : 'સીતા વિના મારું હૃદય અત્યંત વ્યાકુળ થઇ જાય છે, લક્ષ્મણ! કોણ જાણે એ ક્યારે મળશે અને મારા અંતરને ક્યારે શાંતિ ધરશે? આ કુદરતને ખોળે ખેલનારાં પંખીના કર્ણમધુર કલરવ કેટલા બધા મીઠા લાગે છે? એમને સાંભળીને આગળ વધવાનું મન જ નથી થતું. કાન ધરાતા નથી ને પ્રાણને પણ તૃપ્તિ નથી થતી. આ મૃગનાં ટોળાં આપણી ખબર પૂછવા આવતાં હોય તેમ આપણી પાસે આવીને ઊભાં રહે છે અને એમનાં ચંચળ નેહભર્યાં નેત્રોને આપણાં નેત્રોમાં સ્થિર કરે છે! આવાં મૃગને નિહાળીને સીતાને કેટલો બધો પ્રેમ થતો?'



લક્ષ્મણ બોલ્યો : 'પંચવટી તથા ચિત્રકૂટના આપણા એકાંત આશ્રમની આજુબાજુ પણ કેટલાંય મૃગ ફરતાં રહેતાં. સીતાનું અંતર એમને જોઇને અતિશય આનંદમગ્ન બની જતું. કોઈવાર મૃગ ભાવવિભોર બનીને એની પાસે આવીને એના શરીરને સૂંઘતાં ત્યારે એમનાં નિર્દોષ નેત્રોમાં નેત્રો મિલાવીને એ એમના શરીરે હાથ ફેરવતી. એ વખતનું દૃશ્ય ખૂબ જ અદ્‌ભુત અને હૃદયંગમ લાગતું.'

'આ ચક્રવાક, હંસ તથા સારસ પક્ષીઓને આશ્રમમાં પાળવા માટે એ જરૂર આગ્રહ કરત, અને આ ઘટાદાર વૃક્ષોની પંક્તિ નીચે બેસીને થોડોક વખત વિશ્રામ કરત. પ્રકૃતિ એને કેટલી બધી પ્રિય લાગતી? એ પોતે પ્રકૃતિમાંથી જ પ્રકટ થયેલી હોવાથી, પ્રકૃતિપ્રેમના ઉચ્ચ, સુદૃઢ સંસ્કારોને સાથે લઇને જ આવેલી. હવે તો એ મળે ત્યારે ખરી. એટલો વખત જેમતેમ કરીને ધીરજ રાખવી રહી.'

એવા અનેકવિધ ઉદ્‌ગારો કાઢતા રામ અને લક્ષ્મણે અરણ્યમાંથી આગળ વધતાં કુદરતની શોભાનું નિરીક્ષણ કરવા માંડયું.

વનમાં એક જ કેડી હતી અને એ પણ અસ્પષ્ટ જેવી.

એને જોઇને રામ બોલ્યા : 'લક્ષ્મણ, આ કેડી જોઇ? એ કેટલી બધી અસ્પષ્ટ છે? એની આજુબાજુ ઘાસ ઊગેલું છે. સત્યનો માર્ગ એવો જ સંકટથી ઘેરાયેલો છે. એ માર્ગે આગળ વધવાનું કામ કઠિન છે. છતાં પણ સમજુ પુરુષો એ પથનો પરિત્યાગ નથી કરતા.'

'એ માર્ગ અતિશય નાજુક હોવાથી ખૂબ જ સંભાળપૂર્વક પાર કરવો પડે છે.' લક્ષ્મણે એના અનુસંધાનમાં કહ્યું : 'શ્રુતિએ એને અસ્રાથી તીક્ષ્ણ

ધારની સાથે સરખાવ્યો છે. એ એવો જ સુતીક્ષ્ણ તથા જટિલ છે.'

થોડાક સમય સુધી શાંત રહીને રામ કહેવા માંડયા : 'લક્ષ્મણ! કુદરતની શોભા કેટલી બધી અનેરી લાગે છે? આ ભ્રમરો પુષ્પોના રસનું પાન કરતાં એમની પ્રેમભીની પાંખડી પર રાસ રમે છે.'

'એમના ગુંજારવ કેટલા બધા મોહક લાગે છે. એ કોઇક અલૌકિક સ્વર્ગીય સંગીતનું સ્મરણ કરાવે છે.'

'આ પવનની લલિત લહરીઓ ઉન્માદથી ઉભરાઇને આપણને તાજગી આપવાનો પ્રયાસ કરતી ગતિ કરી રહી છે. વનમાં વિહાર કરતાં આ હાથી ને હાથિણીનાં જોડાં એકમેકના સહવાસમાં સ્વર્ગસુખનો અનુભવ કરી રહ્યાં છે. એમને કોઇ જાતની ચિંતા કે વેદના નથી દેખાતી.'

આગળ જતાં અરણ્યમાં એક બીજું દૃશ્ય દેખાયું. તેને લક્ષ્ય કરીને લક્ષ્મણે કહ્યું : 'વનમાં વિહરનારો પેલો સિંહ તો જુઓ! એ સિંહણ સાથે શાંતિપૂર્વક બેસીને જાણે કે વાતો કરી રહ્યો છે.'

'એ વાતો નથી કરતો પરંતુ સ્નેહના સનાતન સુખમય સંદેશા આપી રહ્યો છે. એનાં બચ્ચાં એની આજુબાજુ રમત રમે છે.'

'આપણને જોઇને એ સહેજ પણ અશાંત નથી બનતો. એને આપણી હાજરીની માહિતી જ ના હોય એવી રીતે એ પોતાની સ્નેહમયી દુનિયામાં મગ્ન બન્યો છે. હિંસાનો સ્વભાવ જ જાણે એણે છોડી દીધો છે!'

'લીલાંછમ વૃક્ષોની ડાળી પર બેઠેલાં આ પંખી કેટલાં બધાં પ્રસન્ન લાગે છે? એ એકદમ નિશ્ચિંત બનીને ચાંચમાં ચાંચ મેળવીને આનંદ કરે છે. પાણીના પ્રવાહો કોઇક વિશાળ જળપ્રવાહમાં સમાવા માટે આતુર બનીને દોડી રહ્યા છે, અને સ્નેહથી છલકાતી સરિતાઓ સર્વ પ્રકારનો સંકોચ છોડી દઇને સાગરની સોડમાં સુખાનુભવ કરવા ગતિ કરે છે.'

એટલામાં આકાશમાં વાદળ છવાઇ ગયાં.

( ક્રમશઃ )

## * પ્રેમ એજ જીવન *

આ દુનિયામાં મને કોઇ પણ વસ્તુ પ્રત્યે વધારે માન હોય તો તે પ્રેમ છે. સ્ત્રી હો કે પુરુષ, કીટ હો કે પતંગ, પ્રેમનો પવિત્ર પ્રવાહ મને જ્યાં પણ માલુમ પડે છે ત્યાં મારું હૃદય નમી પડે છે, ને એક દેવતાની જેમ તેની પૂજા કરવામાં ગૌરવ ગણે છે. કેમ કે મારું દૃષ્ટિબિંદુ આવું છે, ને જીવનના પ્રભાત કે ઉષઃકાલથી જ હું આ મનોવૃત્તિનો બનેલો છું, પ્રેમ મારા જીવનમાં વારંવાર કે સતત એ રીતે પ્રકાશે છે જેમ આકાશના આ તારા, અથવા તો જંગલમાં ચમકનારા પેલા જીવંત દીપ જેવા આગિયા. પરંતુ આગિયાનો જે પ્રકાશ તેને પોષે છે તે જ તેને મારે છે એમ કહેવાય છે. તેમ આ પ્રેમના સંબંધમાં નથી. કેમ કે હું નક્કી માનું છું કે પ્રેમ કદી મરતો નથી. તે તો સદા જીવે છે ને જીવાડે છે. જે તેને ચાખી લે તેને તે અમર બનાવે છે. પરંતુ આજે દુનિયામાં પ્રેમનું દર્શન કરવા જાઓ તો દ્વારે દ્વારે ભટકવું પડશે. આજે તો પ્રેમને નામે કામ કે મોહ જ વધારે છે. પ્રેમમાં ને ઈશ્વરમાં કાંઇ ભેદ નથી, એ જો બરાબર હોય, ને બરાબર જ છે, તો ઈશ્વરની જેમ પ્રેમ પણ માણસને સુખ, શાંતિ ને આનંદ પ્રદાયક હોવો જોઇએ, બંધનથી મુક્ત કરી સૃષ્ટિમાં રહેલા પોતાના સમગ્ર સ્વરૂપનું અનુસંધાન કરાવનારો હોવો જોઇએ. ને જ્યાં આથી વિપરીત દેખાય ત્યાં તેને કામ જ માનવો જોઇએ. મારું મંતવ્ય છે કે જો આ પ્રેમને માણસો પૂજતાં થયાં હોત તો ઈશ્વરને પૂજવા જેટલો જ લાભ થાત.

યોગેશ્વરજી

# * એકાંતની અગત્યતા *

થોડો સમય એકાંત નિવાસ કરવાથી ખૂબ ખૂબ લાભ થાય છે. એકાંતનો ખરો આનંદ આવા સ્થળોમાં જ મળી શકે છે. અને એકાંત માણસના વિકાસને માટે ખૂબ ખૂબ જરૂરી છે. જેને આત્મજ્ઞાનની ઉચ્ચોચ્ચ અવસ્થા પ્રાપ્ત કરવી છે, ક્ષણિક વાસના કે વિષયસુખથી પર થઈને જેણે આત્માનંદના અમર આસન પર પલાંઠી મારવી છે, તેણે એકાંત સેવન કર્યે જ છૂટકો છે. ચિત્તની એકાગ્રતા કે ધ્યાનને માટે તો એકાંત એક ઔષધિ જ છે. એકાંતમાં સાધના ઝડપી બની જાય છે, અને એવા કેટલાય દોષો જેની નિવૃત્તિ સંસારમાં થતી નથી તે એકાંતમાં તરત શમી જાય છે. મહાન પુરુષો કે યોગીઓએ એકાંતવાસથી કેટલી ચમત્કારભરી આત્મશક્તિ મેળવી છે તે વાત ઈતિહાસ બતાવે છે. આ જ મહાન પુરુષોએ સૃષ્ટિને પ્રેરણા પાઈ છે ને યુગો આગળ ધકેલી દીધી છે. સંસારમાં રત માણસને પણ એકાંતની તેટલી જ જરૂર છે. ઈન્દ્રિયવાસના, કામના, લાલસા વગેરે કેટલીયે દુષ્ટ વૃત્તિઓ જે માનવને દાનવ કરે છે તે એકાંતના અદ્‌ભુત આનંદથી મટી શકે છે, ને માણસને એ શક્તિ ને પ્રેમનું પાન કરાવે છે જે તેને દેવ બનાવી દે છે. એટલા જ માટે પ્રવૃત્તિશીલ માણસે પણ પોતાની પ્રવૃત્તિનો થોડો ભાગ પણ નિવૃત્તિ માટે ગાળવાની ખૂબ જરૂર છે. સુંદર એકાંત સ્થળે થોડો સમય પણ રહેવાની ખાસ જરૂર છે. સંસારની પ્રવૃત્તિ માટે આ એકાંત તેને વધારે દૃઢતા ને વધારે બળ આપશે એ નિર્વિવાદ છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧

VADODARA